Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૨૫ • તા. ૨૦ જુન ૨૦૧૬ થી ૨૬ જુન ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## જ્ઞાતિની શૈક્ષણિક સંસ્થાઓને સુદૃઢ કરનારા સામાજિક પરિવર્તનના પ્રખર હિમાયતી કુશળ વહીવટકાર વેરશી માડણ મૈશેરીને જન્મ શતાબ્દિએ સ્મરણાંજલિ







જ્ઞાતિની શૈક્ષણિક સંસ્થાઓ, મુંબઈ મહાજન, અનંતનાથજી ટ્રસ્ટ વગેરેમાં લાંબા સમય સુધી સેવાઓ આપી જ્ઞાતિના સમાજીવનને સમૃધ્ધ કરનારા વેરશીભાઈ માડણ મૈશેરી તેમના શિક્ષણપ્રેમ તથા પ્રખર સુધારકવૃત્તિને કારણે બહુરત્નોથી શોભતી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના મૂઠઊંચેરા આગેવાનોમાંથી અલગ તરી આવતા. વર્ષ ૨૦૧૬ની ૨૭મી જૂને આવતી તેમની જન્મ શતાબ્દિ નિમિત્તે પ્રસ્તુત છે તેમના વ્યક્તિત્ત્વ અને યોગદાનની આછેરી છલક !

૮ મે વર્ષે પિતાની છત્રછાયા ગુમાવનારા વેરસીભાઈ નાની વયથી સ્વાશ્રયના પાઠ શીખ્યા અને સામાજિક રીતે પીઢ બન્યા.

આજે આપણે ત્યાં વય વધે પછી જીવનસાથીની વધુ આવશ્યકતા હોય એમ માની વિધવા-વિધુરોના લગ્ન કરાવવાનું ચલણ વધતું જાય છે. પણ જે જમાનામાં વિધવાએ તો ત્યાગમૂર્તિ બનીને મનને મારીને જીવવાનું હોય તેવું મનાતું તે વખતે વિધવા માતાને કોઈ જીવનસાથીની જરૂર છે એવું વલણ જોઈ માત્ર ૧૪ વર્ષના પણ પીઢ સમજવાળા વેરસીભાઈ સામે પ્રવાહે તરીને માતાના પુનઃ લગ્ન કરાવવામાં સહાયરૂપ બન્યા.

આમ પણ ૧૫ વર્ષની વયથી જ જાહેરજીવનમાં પ્રવેશ્યા અને ઘણો બધો સમય સમાજસેવા માટે ગાળતા થયા. તે વખતથી જ સંસ્થાઓની કારોબારીમાં સ્થાન મેળવતા ગયા.

જ્ઞાતિની બોર્ડિંગ અને મહાવીર જૈન વિદ્યાલયમાં રહી સીડનેહામ કોલેજમાંથી બી.કોમ થયા. એ જમાનામાં કોટનના વ્યવસાયને કેન્દ્રમાં રાખીને બી.કોમ કરી શકાતું. જ્ઞાતિના મુખ્ય વ્યવસાયને ધ્યાનમાં રાખીને વેરશીભાઈએ દુર્લભ એવા કોટન વ્યવસાયને કેન્દ્રમાં રાખીને બી.કોમની ડિગ્રી મેળવનારા ૧૪ જણાઓમાંથી એક હોવાનું માન મેળવ્યું.

આ ડિગ્રીના આધારે તે જમાના પ્રમાણે સારા પગારની નોકરી મળી ખરી પણ જ્યાં સુધી દરેક રીતે સ્વાવલંબી નહીં થઈ જવાય ત્યાં સુધી લગ્નનો વિચાર ન કરાય એવું માનતા હોવાથી ચીલાચાલુ માંગાઓને ટાળતા રહ્યા. તે વખતે સામાન્ય રીતે છોકરાઓ ૧૬ થી ૧૮ વર્ષની વયે પરણી જતા પણ વેરશીભાઈ ૨૫ વર્ષના થયા ત્યાં સુધી સ્વાવલંબી થવાનો સંઘર્ષ એકલે હાથે કરતા રહ્યા. છેવટે મુંબઈ મહાજનના કહેવાથી જ્ઞાતિનો ઈતિહાસ લખનારા સાક્ષર જેઠાભાઈ દેવજી નાગડાની તે જમાનાની દ્રષ્ટિએ સારૂં ભણેલા દીકરી ધનલક્ષ્મીનું માગું આવ્યું. તેનો ઈ.સ. ૧૯૪૧માં ૨૫ વર્ષની વયે સ્વીકાર કર્યો. પણ સ્વાશ્રયી થવાનો સંઘર્ષ ચાલુ રાખ્યો. સગપણ થયાને બે વર્ષ થયા પછી કન્યા પક્ષ પર લગ્ન કરાવી આપવાનું સામાજિક દબાણ વધતું ગયું.

અનુસંધાન ૫મા પાને

II Shree Anantnathay Namah II

# SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST

(REGISTERED UNDER BOMBAY PUBLIC TRUST ACT, 1950 REG. NO. E-11572 (BOM.) DATED 24.2.1988)

C/o. SHRI KUTCHI DASHA OSWAL JAIN GNATI MAHAJAN, BOMBAY

SHRI ANANTNATHJI JAIN DERASARJI, ANANTNATHJI CHOWK, 302 / 306,
NARSHI NATHA STREET, BOMBAY - 400 009. Phone : 2344 8274

જય જિનેન્દ્ર,

શ્રી અનંતનાથજી મહારાજની અસીમ કૃપાથી એક વર્ષ પૂર્ણ થતા શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ, આપ સહુએ આપેલ સાથ સહકાર માટે ખુબ ખુબ આભારી છે. મેડિકલ ટિમ દ્વારા વર્ષે એપ્રિલ ૨૦૧૫ થી માર્ચ ૨૦૧૬ દરમ્યાન કરેલા કાર્યો આપ સહુના સમક્ષ રજુ કરતા હર્ષ અનુભવીએ છીએ.




## ૧૬-૦૮-૨૦૧૫ બૉડી ચેકઅપ - શેટિયા સુરાણા હૉસ્પિટલ સાથે મસ્જિદ બંદર ખાતે








## ૨૧-૦૨-૨૦૧૫ (CHILD OBESITY) - જુપીટર હૉસ્પિટલ થાણા ખાતે







## ૨૭-૦૩-૨૦૧૬ બ્રસ્ટ કેન્સર ચકઅપ - બી એન ડાબર ફાઉડેશન સાથે ભાંડુપ ખાતે







વર્ષ એપ્રિલ ૨૦૧૫ થી માર્ચ ૨૦૧૬ દરમ્યાન આયોજીત કાર્યક્રમો. જેમાં જ્ઞાતિજનોએ સારો લાભ લિધેલ.

| | | | |
|---|---|---|---|
| ૧. | ૧૬-૦૮-૨૦૧૫ | બૉડી ચેકઅપ | શેટિયા સુરાણા હૉસ્પિટલ સાથે મસ્જિદ બંદર ખાતે |
| ૨. | ૨૧-૦૨-૨૦૧૬ | સુળતા (CHILD OBESITY) | જુપીટર હૉસ્પિટલ થાણા ખાતે |
| ૩. | ૨૭-૦૩-૨૦૧૬ | બ્રસ્ટ કેન્સર ચેકઅપ | બી એન ડાબર ફાઉડેશન સાથે ભાંડુપ ખાતે |

**૧) મેડીકલેમ પૉલીસી :** આ યોજના મુંબઈમાં વસતા જ્ઞાતિજનો માટે શરૂ કરવામાં આવેલ છે. આ યોજના ૨૦૦૮માં મેડિકલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રીમતી મધુરીબેન મુલચંદ લોડાયા ગામ તેરા ના કાર્યકાળમાં શરૂ કરવામાં આવેલ છે. શરૂઆતમાં ઈન્ડીયન બેંકની આરોગ્ય રક્ષા પોલીસી આપવામાં આવતી.

# SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST

સાલ ૨૦૧૩માં પોલીસીના દર વધારવાથી ઈન્ડીયન બેંકની પોલીસી બંધ કરીને પંજાબ નેશનલ બેંકની PNB-ORIENTAL ROYAL MEDICLAIM POLICY ની શુરૂવાત કરવામાં આવેલ. આ યોજનામાં ૧ લાખ થી ૫ લાખ સુધીનો મેડીકલ વિમો કાઢવામાં આવે છે. જેમાં ૧ લાખના વિમા વાટે જરૂરીયાત મંદ ને રાહત આપવામા આવે છે.

**મેડિકલ ટ્રસ્ટ દ્વારા આપવવામાં આવેલ મેડિકેલ્મ પૉલીસી વિવિધ સહાયતા.**

| | કુલ પૉલીસી | બેંક | | રક્કમ |
|---|---|---|---|---|
| અ | ૨૩૧ | ઇન્ડિયન બેંક | રિન્યુલ | ૧૯૧૨૬૨ |
| બ | ૭૩ | પંજાબ નેશનલ બેંક | નવી | ૪૧૩૦૩ |
| ક | ૪૦૮ | પંજાબ નેશનલ બેંક | રિન્યુલ | ૧૬૮૭૩૭ |
| | | | કુલ | ૪૦૧૩૦૨ |

ઇંડિયન બેંકમાં હાલમાં નવી પૉલીસી કાઢવામાં નથી આવતી માત્ર જુનો પોલીસી રિન્યુ કરવામાં આવે છે.

**૨) વૈદ્યકિય સહાયતા :** આ યોજનામાં મુંબઈમાં વસતા જ્ઞાતિજનોને સહાયતા આવે છે. આ યોજનામાં રૂા. ૨૫૦૦૦/- સુધીના સહાયતા આપવામાં આવે છે. વૈદ્યકિય સહાયતા પર ભાર ન આવે તે માટે આપણા જ્ઞાતિજનોને મેડીકલ વિમો કઢાવવા માટે ફરૂજીયાત કરવામાં આવેલ છે.

| નીચે મુજબની વૈદ્યકીય સહાયતા આપવવામાં આવેલ. | | |
|---|---|---|
| ૧ | એન્જીઓ પ્લાસ્ટી અને બાયપાસ માટે | ૧૭૪૩૦૦ |
| ૨ | હૉસ્પિટલ અને બીજી બિમારી માટે | ૪૮૬૬૮૪ |
| ૩ | દવા માટે | ૫૪૬૦૦ |
| | કુલ | ૭૧૫૫૮૪ |

એનજીઓ પ્લાસ્ટી અને બાયપાસ માટે જ્ઞાતિ જણો ને નામ માત્રની રક્કમ ભરિને ઑપરેશન કરાવી આપવવામાં ડૉ. હરિશ તિલકભાઈ ગોસર ગામ ગોધરા જેઓના મહેનત અને કાર્યને ભુલી ન શકાય. આજ સુધી અનેક ઑપરેશન એમના સહકાર્યથી થયા છે. વર્ષ ૨૦૧૫-૨૦૧૬માં ૧૦ જ્ઞાતિ જણોએ લાભ લિધો છે. તે નવનિત હાર્ટ ફાઉડેશન વાસુપૂજ્ય ફાઉડેશન ટ્રસ્ટ હેઠળ ચલાતુ લાયન્સ કલબ ઑફ સરકલ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી છે. એમના સાથ સહકાર માટે એમની ખુબ ખુબ અનુમોદના.

**૩) જુઓ પૉલીસી રિફંડ :** આ યોજનામાં જે લોકોએ ફેજ ૧ માં પોલીસી કઢાવી છે તેઓ ને રિફંડ આપવવામાં આવે છે. જેઓની પોલીસી સમયસર રિન્યુલ કરાવીને સમયસર નવા આય ડી કાર્ડ આપેલ તેઓને રિફંડ આપવામાં આવેલ છે. નીચે મુજબ દાતાઓની આવેલ રકમ.

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ | રૂા. ૧૦૦૦ * ૨૮૦ જણ | ૨૮૦૦૦૦ |
| ૨ | શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ટ્રસ્ટ | રૂા. ૧૨૦૦ * ૨૮૦ જણ | ૩૩૬૦૦૦ |
| | | કુલ રકમ | ૬૧૬૦૦૦ |

રિફંડ માટે છેલ્લી તારીખ ૩૧-૦૫-૨૦૧૬ હતી.

૧+૨+૩ કુલ મળીને રૂપીયા ૧૭૩૨૮૮૬/-ની સહાયતા વર્ષ ૧૫-૧૬માં આપવવામાં આવેલ.

નોંધ : આ જાહેરાતના પ્રથમ પાનાપર મુકાયેલા ફોટાઓમાં ૨૭-૦૩-૨૦૧૬ બ્રસ્ટ કેન્સર ચકઅપ - બી એન ડાબર ફાઉડેશન સાથે ભાંડુપ ખાતેના ત્રણ ફોટામાંથી વચ્ચેના ફોટાને ૧૬-૦૮-૨૦૧૫ બૉડી ચેકઅપ - શેટિયા સુરાણા હૉસ્પિટલ સાથે મસ્જિદ બંદર ખાતે યોજેલ કાર્યક્રમનો છે.

## SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST

### આભાર દર્શન

ઉપરોક્ત સર્વ મેડીકલ કાર્યક્રમોમાં મસ્જીદ બંદર જૈન સંઘ, મનિષાબેન પોલડીયા, મનિષાબેન લાલકા, જાસ્મીનબેન સાયલા, જલ્પાબેન લોડાયા, શિતલબેન નાગડા, જસ્મીનાબેન ધુલ્લા તથા નરશીનાથા મેડીકલ ટ્રસ્ટની સમગ્ર ટીમ, મુંબઈ મહાજનના પદાધીકારીઓનો તેમજ મહાજનના સ્ટાફનો શ્રી નરશીનાથા મેડીકલ ટ્રસ્ટ આભાર માને છે તથા ભવિષ્યમાં પણ આવા દરેક કાર્યક્રમમાં તન મન તથા ધનથી સૌનો સાથ અને સહકાર મળતો રહેશે તેવી આશા.

મેડીકલ ટ્રસ્ટનો સુંદર લોગો બાનવી આપનાર કુ. **હીરવી વિજય છેડા** (ભાંડુપ-વારાપધર) નો વિશેષ આભાર.

**લી. શેઠશ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ**

**શ્રી હિરાલાલ હંસરાજ ડાગા (મેનેજીંગ ટ્રસ્ટી)**

## પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાય છે.



**પુજા (જ્યોતી) જયંત શાહ**
**(ધરમશી)** H.S.C. માં
**72.62%**



**ગુલશન અભય ડાગા**
મલકાપુર
H.S.C. માં **85%**



**સલોની અરૂણ મોતા**
કોઠારા - મેહબુબનગર (T.S.)
S.S.C. (CGPA) માં **9.6%**



**હેમાલી (હંસા) સંજય જીવાણી**
કચ્છ - વિક્રોલી
H.S.C. માં **66%**



**જયશ્રી (હંસા) સંજય જીવાણી**
કચ્છ - વિક્રોલી
H.S.C. માં **71.38%**



**ભવ્યા ધારેશ લોડાયા**
મોટી ખાવડી - ભાંડુપ
H.S.C. માં **80.46%**



**માનસી ભાવેશ કુરુવા**
ગોધરા - કચ્છ - ગાંધીધામ
H.S.C. માં **95.74%**



**રાશી ગીરીશ લોડાયા**
સાંયરા - હિંગોળી
H.S.C. માં **90.60%**
French - **98/100**



**દિવ્યા (હેતલ) કમલેશ પોલડીયા (શાહ)**
(બાયઠ - પાચોરા)
S.S.C. **માં 85.80%**



**નિયતી રૂપેન ધુલ્લા**
ઘાટકોપર
S.S.C. માં **88%**

**રિધ્ધી (હીના) નિલેશ લોડાયા**
H.S.C. માં **76.92%**
જર્મન ભાષામાં **91** માર્ક

**યુક્તા મનોજ નાગડા**
મલકાપુર S.S.C.
(CBSE) માં **95%**

**દિપ સંજય મુનવર**
મલકાપુર S.S.C.
(CBSE) માં **93%**

**ઉર્મી નરેશ દંડ**
મલકાપુર S.S.C.
(CBSE) માં **80%**

**અંક નં. ૨૪ના છેલ્લા પાનાપર પ્રગટ થયેલ પાસ થયા અભિનંદનમાં છપાયેલ ઉર્મી (મિનલ) કિશોર લોડાયા તથા પુજા (મિનલ) કિશોર લોડાયા હાલ અમલનેરમાં રહ્યે છે. ઉર્મીના** T.Y. B.Com**ના 86.75% છે.**

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 25/2016**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## મુંબઈ કે.ડી.ઓ. મેડિકલ કાર્ડ

ક.દ.ઓ. જી.વી.સી. સંઘ પોતાના કાર્યક્ષેત્રના ૪૫૦ કુટુંબો માટે મેડિકલ કાર્ડ વિતરિત કર્યા છે. આ કાર્ડ જી.વી.સી. સંઘના સભ્ય કુટુંબોને નિર્ધારિત દવાની દુકાનેથી ખરીદેલી દવામાં ૨૦% છુટ આપશે એ માટે જી.વી.સી. સંઘના આ યોજના સાથે સંકળયેલા બધા અભિનંદનના અધિકારી છે.

હું ઈચ્છું યુ મુંબઈમાં વસતા બધા જ્ઞાતિજનોને આ પ્રકારનો લાભ મળવો જોઇએ. જો મુંબઈ મહાજનના પદાધિકારીઓ આ બાબત સક્રિય થાય તો આખાય મુંબઈના જ્ઞાતિજનોને આ લાભ મળી શકે.

આવી વ્યવસ્થા કરવા માટે મુંબઈ મહાજનના પદાધિકારીઓ અને આગેવાનોએ જી.વી.સી. સંઘના આગેવાનો સાથે બેસીને તેમની યોજના સમજવી જોઇએ તથા આખા મુંબઈ માટેની યોજના ઘડી કાઢવી જોઇએ.

– ધનરાજ રાયચંદ દંડ, ઘાટકોપર




## લઘુમતિ હોવા છતાં બુધ્ધ ધર્મીઓની સંખ્યા વધે છે જૈનોએ પણ પોતાના સમૃધ્ધ વારસાનો પ્રચાર કરી સંખ્યા વધારવી જોઇએ.

સરકારે તાજેતરમાં પ્રકાશિત કરેલ આંકડાઓ પ્રમાણે ૨૦૦૧ થી ૨૦૧૦ની વચ્ચે બૌધ્ધ ધર્મીઓની સંખ્યામાં ૩૫%નો વધારો થયા છે. બુધ્ધ અને મહાવીર બન્ને સમકાલીન હતા. એક જ પ્રદેશમાં વિચર્યા હતા. બન્નેએ જ્ઞાતિ પ્રથાનો વિરોધ કર્યો. બુધ્ધે કરુણાની વાત કરી તો મહાવીરે અહિંસાની બન્નેએ પોતાના યુગમાં સમાનતા અને ભાઈચારાની વાતે સામાજિક ક્રાંતિ સર્જી.

અલબત્ત, મહાવીર અને જૈન ધર્મે કર્મને વધુ મહત્ત્વ આપ્યું.

બૌધ્ધ અને જૈન ધર્મ પાસે સમૃધ્ધ વૈચારિક અને સાંસ્કૃતિક વારસો છે.

સામાજિક કારણોને કારણે બૌધ્ધ ધર્મ જેમ નીચેના તબક્કાને આકર્ષે છે તેમ જૈન ધર્મ વૈચારિક રીતે સમૃધ્ધ તબક્કાને આકર્ષી શકે છે.

જૈનોએ પોતાની સંખ્યા બાબત સંતુષ્ટિની નીતિ છોડી સંખ્યા વધારવા વિચારવું રહ્યું.

### સંસ્થા સમાચાર મોકલનારાઓ ધ્યાન રાખો.

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવાની સૂચના આપ્યા છતાં ઘણા બહૂજ લાંબી વિગતોવાળા સમાચાર મોકલે છે, પ્રકાશ સમીક્ષાની દાયકાઓની પ્રણાલિકા પ્રમાણે વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. ઉપરોક્ત વિગતો પ્રગટ કરવા તે માટેનું યોગ્ય માધ્યમ જાહેરાત છે સમાચાર વિભાગ નહીં. વળી કાર્યક્રમની શરૂઆતમાં નવકાર મંત્ર પઠન થયું, પ્રાર્થના થઈ, નૃત્ય રજુ થયું કે કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, કયા કાર્યક્રમમાં શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો નાસ્તો કે જમણ લઈને છૂટા પડ્યા, કયા કયા મહાનુભાવો પધારીને પ્રસંગની શોભા વધારી એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.**

### બીલની ચૂકવણી સમયસર કરો

**વારંવારની વિનંતી છતાં કેટલાક લોકો બીલની ચૂકવણીની બાબતને ગંભીરતાથી લેતા નથી. એ ધ્યાનમાં લઈ નિયમ લાગુ કરવામાં આવ્યો છે કે જે સંસ્થા/વ્યક્તિ/મહાજનની જાહેરાતના બીલની ચૂકવણી બે મહીનામાં નહીં થઈ હોય તેમની આગામી જાહેરાત પ્રકાશિત કરવા પહેલાં બીલ-બાકી તથા આગામી જાહેરાતની રકમ ભેગી ચૂકવવાની રહેશે.**

## જ્ઞાતિની શૈક્ષણિક સંસ્થાઓને સુદૃઢ કરનારા સામાજિક પરિવર્તનના પ્રખર હિમાયતી કુશળ વહીવટકાર વેરશી માડણ મૈશેરીને જન્મ શતાબ્દિએ સ્મરણાંજલિ

છેવટે સમજદાર સ્વજનોએ વેરશીભાઈને વિનંતિ કરી કે માત્ર સગપણ કેટલું લાંબુ ચલાવશો ? ત્યારે તેમણે પોતાની ભાવિ પત્ની ધનલક્ષ્મી લગ્ન પછી પણ મેડિકલનો અભ્યાસ ચાલુ રાખશે એવી શરતે ૧૯૪૩માં લગ્ન કર્યા.

જીવનસાથી બનેલા ધનલક્ષ્મીબેનના અભ્યાસમાં ખલેલ ન પડે તે માટે તેમનો સવારનો નાસ્તો અને બપોર માટેનો જમવાનો ડબ્બો બનાવી આપવાની જવાબદારી સહર્ષ સ્વીકારી. તેમને મુક્ત મને ભણવા દરેક રીતે પ્રોત્સાહિત કર્યા.

જીવનસાથી ધનલક્ષ્મીબેન સ્ત્રી રોગ નિષ્ણાત બન્યા અને તેમનું પ્રસુતિગૃહ સારી રીતે ચાલતું થયું તે પછી વેરશીભાઈએ કોટનના વ્યવસાયમાં ઝંપલાવ્યું અને ત્યાંય સારી નામના મેળવી.

પોતે ગ્રેજ્યુએટ છે અને પત્ની ડૉક્ટર છે તો સંતાનો કમ સે કમ પોસ્ટ ગ્રેજ્યુએટ થવા જ જોઈએ એનું આયોજન સંતાનો સાવ નાના હતા ત્યારથી વેરશીભાઈએ કરેલું. બાળકો માત્ર ભણાવવામાં જ હોશિયાર થાય તેવું નહીં પણ તેમના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થાય તે માટે વેરશીભાઈએ તેઓ નાના હતા ત્યારથી જહેમત લીધી. સંતાનોએ પણ તેમનું સ્વપ્ન સાકાર કરી બતાવ્યું.

જે જમાનામાં દીકરી તો પારકી થાપણ કહેવાય એમ માની એમને નાની વયે જ ઘર સંસારમાં જોતરી દેવામાં આવતી તે જમાનામાં વેરશીભાઈ અને સમવિચારવાળા ધનલક્ષ્મીબેને દીકરીને તે ઉચ્ચ અભ્યાસ માટે એકલી વિદેશ જઈ શકે તેટલી સક્ષમ બનાવી.

વ્યવસાયિક રીતે સાનુકૂળતા પ્રાપ્ત કર્યા બાદ વેરશીભાઈ એક રીતે ફુલ ટાઈમ સમાજસેવક બની ગયા. પોત બોર્ડીંગમાં રહીને અભ્યાસ કર્યો હોવાથી એ તેમનું પ્રિય કાર્યક્ષેત્ર. વેરશીભાઈએ બોર્ડીંગમાં રહીને ભણતા ગરીબ મા-બાપના છોકરાઓને સારી સુવિધા અપાવવા ટ્રસ્ટીઓને પ્રેરિત કર્યા.

ટ્રસ્ટીઓએ જ્યારે તે સંબંધે આર્થિક મુશ્કેલીઓની વાત કરી ત્યારે તેમણે શેઠશ્રી લાલજી રામજી અને અન્ય દાતાઓની મદદ મેળવી બોર્ડીંગના છોકરાઓનું જીવન ધોરણ સુધાર્યુ.

અહીં પણ તેમણે પોતાના સંતાનો માટે કરેલું તેમ બોર્ડીંગના વિદ્યાર્થીઓ માટે માત્ર શાલેય ભણતર જ નહીં સર્વાંગીણ વ્યક્તિત્ત્વ વિકાસ માટે પ્રયત્નો કર્યા.

૧૯૪૮માં ભરાયેલા પ્રથમ જ્ઞાતિ સંમેલનમાં શિક્ષણ પર ખૂબ ભાર અપાયો તે પછી પ્રમાણમાં યુવા આગેવાનોને આગળ આવવાની જે તક મળી તેનો લાભ લઈ વેરશીભાઈ બોર્ડીંગના સેક્રેટરીની મોટી જવાબદારી સ્વીકારી અને સફળતાપૂર્વક પાર પાડી બતાવી.

અગાઉના શિક્ષણપ્રેમી આગેવાનો બોર્ડીંગમાં રહેતા પ્રમાણમાં ગરીબ ઘરના વિદ્યાર્થિઓ એસ.એસ.સી. સુધીનું શિક્ષણ લઈ કુટુંબને ટેકો આપવા નોકરીમાં ગોઠવાઈ જાય તેનાથી સંતોષ માની લેતા. પણ વેરશીભાઈએ બોર્ડીંગમાં ભણતા તેજસ્વી વિદ્યાર્થીઓને કમસે કમ ગ્રેજ્યુએટ થવા પ્રેર્યા અને ઘણું સાણું પરિણામ મેળવ્યું.

ઈ.સ. ૧૯૫૪માં બોર્ડીંગની સુવર્ણ જયંતિ ઉજવાઈ ત્યારે પુનશી દામજી ખોના સાથે મળીને તેમણે તે ઉજવણીથી તેમણે જ્ઞાતિમાં શૈક્ષણિક ક્રાંતિ સર્જાય એવું વાતાવરણ તૈયાર કર્યું.


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

પોતાની પસંદગીના શિક્ષણ ક્ષેત્રમાં જ્ઞાતિની આગેકૂચ ચાલુ જ રહેશે એવા ઘણા આગેવાનો અને કાર્યકર્તાઓ છે એવો વિશ્વાસ બેસતા વેરશીભાઈએ સાથે સાથે જ્ઞાતિની મોભી સંસ્થાઓ ક.દ.ઓ. મુંબઈ મહાજન અને પછી અનંતનાથજી ટ્રસ્ટ પર ધ્યાન કેન્દ્રિત કર્યુ.

મહાજનમાં સર્વમાન્ય રીતે સાઠના દાયકાના અંતમા પ્રમુખ તરીકે વરાયા અને તે પછી અનંતનાથ ટ્રસ્ટમાં સિતેરના દાયકામાં ટ્રસ્ટી બન્યા.



વેરશીભાઈએ મુંબઈ મહાજનના પ્રમુખ તરીકે નિરાધાર બહેનોને સ્વાવલંબી બનાવવા ગૃહઉદ્યોગની શરૂઆત કરાવી.

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે અનંતછાયા બાબતે ટ્રસ્ટીઓના કાનૂની વિખવાદોનું સુમેળભર્યું નિરાકરણ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી.

ભાંડુપ ખાતે અનંત સિધ્ધિની બિલ્ડીંગો બંધાવવામાં મહત્વની ભૂમિકા ભજવી. બહારગામથી આવનારાઓ માટે અતિથીગૃહની દાયકાઓ જૂની માગણી પર ધ્યાન આપી અનંતસિધ્ધિના કેટલાક રૂમ અતિથી ગૃહ માટે ખાલી રખાવ્યા.

ચેંબૂર સ્ટેશન પાસે અને ઘાટકોપરના છેવાડા ગારોડીયાનગરથી નજીક છેડાનગર વસવાની શરૂઆત થઈ ત્યારે અમરમહાલ જંક્શન પાસે ૩૦૦ ફ્લોટો તથા હૉલ-શાળા વગેરેની સુવિધાસાથે ટાઉનશીપ વિકસાવવા માટેની જમીન અનંતનાથજી ટ્રસ્ટ ખરીદી કરે તે માટેની પૂર્વતૈયારી વેરશીભાઈની પહેલ અને આગ્રહથી વર્ષ ૧૯૭૫-૧૯૮૦ ના ટ્રસ્ટ બોર્ડે કરી લીધી હતી પણ તે પછીના ટ્રસ્ટ બોર્ડે રસ ન લેતા એ સોદો આગળ વધ્યો નહીં. વેરશીભાઈનું સપનું સાકાર થયું હોત તો જ્ઞાતિજનોએ ડોંબિવલી સુધી લાંબા થવું ન પડ્યું હોત. તેમજ આજે ઘાટકોપર અને ચેંબૂરને રેલ્વે - બસ ઉપરાંત મેટ્રોના જે લાભ મળી રહ્યા છે તે મળ્યા હોત.

આજ સમય ગાળામાં તેમણે જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટેની સર્વગ્રાહી આયોજનાત્મક રૂપરેખા બનાવી જ્ઞાતિ પાસે તેનો સ્વીકાર કરાવવા લક્ષ્મી અને સરસ્વતિની કૃપા જેમની પર હોય તેવા જ્ઞાતિજનોની એક વિશેષ સભા બોલાવી પણ તેઓ પોતાના જમાનાથી ઘણા આગળ હોવાથી જ્ઞાતિનું ક્રીમ ગણાય એવા લોકો પણ તેમની દીર્ઘ દૃષ્ટિને સમજી ન શક્યા. તેથી તેમણે પોતાના માનીતા શિક્ષણક્ષેત્ર સુધી પોતાની પ્રવૃત્તિઓ




॥ શ્રી સર્વોદય પાર્શ્વનાથાય નમઃ ॥

**અચલગચ્છ ગૌરવ ગુરૂવર રહ્યા છે**
**સમગ્ર દક્ષિણ મહારાષ્ટ્રને ગજાવી**

**જન જન ના મનમાં વસેલા પ્રાચિન સાહિત્ય સંશોધક**
**ગચ્છગૌરવ પરમપૂજ્ય સર્વોદય સાગરજી મ.સા.**
**ઓજસ્વી પ્રવચનકાર યુવા મુનિશ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા.**

હૈદ્રાબાદના યશસ્વી ચાતુર્માસ બાદ કર્નાટકનાં ગુલબર્ગ, વિજાપૂર, બાગલકોટ, ગદગ, હુબલી, બેલગાવનાં પ્રભાવક વિચરણબાદ મહારાષ્ટ્ર રાજ્યે પધારતાં સાંગલી, ઇચલકરંજી, કોલ્હાપૂર નગરે પધાર્યા. ૧૮ દિવસોની દરેક ક્ષેત્રની સ્પર્શના દરમ્યાન સમસ્ત જૈન સમાજને વિશેષ રૂપે યુવા વર્ગને ધર્મના રંગે રંગી દીધા. ગિરનારની ભાવયાત્રા, સામુહિક માતૃ-પિતૃવંદનાવલીઓ, મહામાંગલીક, લોગસ્સ અનુષ્ઠાણ, સંયમ સમર્પણ સમારોહના ગામો ગામ આયોજનોમા સમગ્ર કચ્છી, ગુજરાથી, મારવાડી પરિવારા જોડાયા. દેરાવાસી, સ્થાનકવાસીના ભેદો વિસરાયા. અત્ર તત્ર સર્વત્ર ગચ્છ ગુરૂનો ડંકો વાજ્યો.
પૂજ્યશ્રી હવે ૨૬ જુનથી ૧૦ જુલાઇ ૧૫ દિવસ કરાડ નગરે સ્થિરતા કરી.
૧૭ જુલાઇ રવિવારે શ્રી જૈન ફાર્મહાઊસ, આંબા ઘાટ, જિ. કોલ્હાપૂર મુક્કામે ૨૨ એકરની આમ્રવાડીમાં ચાતુર્માસ પ્રવેશ કરશે. ૧૯ જુલાઇયે ગુરૂપૌર્ણિકા પર્વ તથા ૨૪ જુલાઇ રવિવારે પુજ્યશ્રીના જન્મોત્સવ પ્રસંગે સમસ્ત સંઘો મહાજનોંને પધારવાનુ ભાવ ભર્યુ હાર્દિક આમંત્રણ છે.

**પુજ્યશ્રીના સંપર્ક સૂત્ર : દ્વારા : સંદિપભાઇ : ૯૪૨૨૦૨૯૪૪૦**

**શુભેચ્છક : મહેન્દ્ર પદમશી મૈશેરી, હાલ : જલગામ. અમોલ મહેન્દ્ર મૈશેરી, હાલ : કોલ્હાપૂર.**

મર્યાદિત કરી. એ પછી જ્ઞાતિના જાહેર જીવનમાં રાજકારણીઓનું વર્ચસ્વ વધ્યું છે એવું લાગતા નિવૃત્તિ સ્વીકારી.

તેમણે ૨જી ફેબ્રુઆરી ૧૯૯૦ ના ચિર વિદાય લીધી.

તેમણે આપેલ તાલીમને આધારે તેમના સુપુત્રીને ઈલાબહેને મુંબઈ મહાજન તેમજ અનંતનાથજી ટ્રસ્ટની કામગીરીને વ્યવસ્થિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. તથા યોગિની બહેન પણ સર્વાંગીણ વિકસિત કેવી હોય તેનું જીવંત દૃષ્ટાંત બન્યા.

પોતાના જલદ સમાજ સુધારણના વિચારોથી અલગ તરી આવતા વેરશીભાઈ મૈશેરીએ જ્ઞાતિની શિક્ષણ સંસ્થાઓ, મુંબઈ મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટના વહીવટને સાર્થક બનાવવા નિમિત્તે જે યોગદાન આપ્યું તે અવિસ્મરણીય છે. આવી વિરલ વિભૂતિને તેમની ૨૭ મી જૂન ૨૦૧૬ ના આવતી જન્મ શતાબ્દીએ પ્રકાશ સમીક્ષા સમિતિ અને જ્ઞાતિની ભાવભરી સ્મરણાંજલિ.

## The Key to Successful Ageing

It was my father's birthday. All had gathered to celebrate his birth centenary year. He walked briskly to the stage. All clapped. They seemed eager to hear this 100 years "old" confused mass of protoplasm!!!!!!

The journey over these many years will be bit boring to the most; but everyone's eyes were curious to know how he has survived until the 100th birth-year?! To make it interesting he put to the audience to ask him questions rather than to listen to the 'crap' he would talk.

A beautiful young girl asked:

"HOW CAN YOU LOOK, SOUND AND ACT SO YOUNG?"

Delighted at this question he decided to give away all the information on his teachers who helped him to retain his youth till date – a lifetime treasure………….

HE ANSWERED:

❖ The goal of my life has been to live a happy, healthy, and self-dependent life with dignity until I lived.

❖ The pillars of my youth have been self-sufficiency and self-care.


# We are hiring

EXIM
LOGISTICS SOLUTIONS
we help you globalize

Exim is an organization driven by values and vision & aims to be a **High Performing Organization.** We **offer International Freight Forwarding, Consolidation and Clearance at Port of Loading & at Port of Discharge (Custom Broking - Export & Import)** i.e. Complete one-stop Logistics solutions.

**Career Opportunity: Accountant Exp: 2 – 5 yrs Responsibilities**

The ideal candidate must be a good team player and an efficient individual contributor. Must be competent and proficient. Prior experience in Export/Import industry would be an added advantage. Candidate must • Have fair knowledge of day to day accounting such as **Bank Book, Cash Book, Ledger, Voucher & Journal entries.** • Proficient in preparing **Bank Reconciliation** statement and in handling day to day Banking activities. • Should have the knowledge of **Filing of all Statutory returns as PF, PT, TDS, Service Tax, Income Tax** etc. • Must possess fair knowledge of Formal Correspondence with various agencies also be well versed with the various MIS reports pertaining to Accounting & Financial transactions of the organization.

IF you meet all the above criteria, and if you are willing to be a part of team Exim, a team of efficient workforce, please mail your CV on our Official Human Resource ID: hr@exim.ws

**www.exim.ws**

**Exim Transtrade (India) Pvt. Ltd.**

**An ISO 9001 : 2008 certified company.**

❖ The strengths I have cultivated are adjustments, admiration, amendments, adeptness, cheerfulness, enthusiasm, faith, generousness, gentleness, hard-work, modesty, optimism, physical fitness, purity, sociability, truth and trust

❖ I could conquer addictions, agitation, agony, anxiety, apathy, anger, exhaustion, frustration, greed, jealousy

❖ My personality has evolved then into an adequate, able, amiable, affectionate, candid, charming, efficient, helpful, humane, merciful and naïve individual

TODAY I AM:

CONTENT, PEACEFUL, HEALTHY AND HAPPY WITH GOD'S BLISS. I PRAY TO THE ALMIGHTY TO LET ME DIE WITH DIGNITY.

DEAR FRIENDS:

Everything is possible in this world. It only needs time, determination and perseverance to achieve your rational goal. For happy later years you need to imbibe the concept of self-sufficiency. You grow younger as you add years to life only if you add life to the years you live.

Ageing is inevitable but successful aging is the key to happiness at any age. The do's and don'ts

Of young life are the predecessors of old age that will be good or bad…Much morbidity of post-retirement age is preventable. A REGULAR LIFESTYLE IS THE SECRET.

I looked around. The curious eyes all around looked satisfied.

**- Dr Yogini Vershi Meisheri**

## સ્વજન અને સહૃદયી દેરાસરના હર્તાકર્તા




તેરાના શ્રી શામળિયા પાર્શ્વનાથ દેરાસરના મૂળ નાયક તેમજ આનુષાંગિક ધ્વજાઓના આરોહણનો લાભ મળ્યો. સંયોગવસાત્ કુટુંબના ચાર જ જણ તેરા પહોંચી શક્યા. એકતો ધજા ઘણી અને ચઢાવનાર જણ ઓછા વળી દેસાસરની મુખ્ય ધજા માટે શીખરના ટોચે ધ્વજા અને પૂજા સામ્રગી થાળ સાથે એકલા પહોંચવું મુશ્કેલ હતું. પરંતુ, દેરાસરના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પ્રવીણભાઈ નારાણજી દંડ (વેકરાએ) રંગ રાખ્યો. શામળિયાની જેમ હસતે મુખે દ્વારે ધાયા. ટેકણ લાકડીને સહારે ચાલતા હોવા છતાં અમારા પુત્ર વિક્રમ સાથે શિખર ઉપર ચઢવામાં સમય પારખી ક્ષણનો વિલંબ ન કર્યો સર્વ વિધિસર પાર પડ્યું. ભયો ભયો થયું.

અણી વખતે ખલેખલા મેળવી સહાયભૂત થનાર સ્વજન અને સહૃદયી સજજન જ્ઞાતિબંધુ મુરબ્બી શ્રી પ્રવિણભાઈની કર્તવ્યનિષ્ઠા પ્રત્યે ઝુકી જવાય ને !

## કીર્તિ કેરા કોરડાં પાડ્યા જીવ પડંત

કૂલપાકજીની તીર્થ યાત્રા દરમિયાન પ્રવેશદ્વારે હિંદીમાં આરસ ઉપર કોતરાયેલ ૪૦ો શીક્ષાલેખ વાંચી હૈયું ગદ્ગદ્ થયું જ્ઞાતિની એક પૂર્વજ સન્નારીઓના સત્કાર્યથી ઝુકી જવાયું.

જ્ઞાતિનું જાણ ખાતા શીલાલેખના એક ભાગનો તરજુઓ નીચે પ્રસ્તુત કર્યો છે ''કુથુંનાથ જિનાલય, સિકન્દ્રાબાદે ચાતુર્માસ વિજય વિક્રમસૂરીશ્વરજી મ.સા. સંઘ લઈ અહીં પધાર્યા હતા. જેમા સંઘપતિ હતા કચ્છ વારાપધરના શ્રી નરશી વેલજી મોમાયાના ધર્મપત્નિ ચંપાબેન તથા પાલનપુર નિવાસી શ્રીમતી મણીબેન (જે કોઠારાના શ્રી દામજી લીલાધર લોડાયાના સુપુત્રી થાય) સંઘ સાથે સં. ૨૦૨૭ જેઠ વદ આઠમના શુભદિને પધાર્યા.''

**– કાંતિલાલ કેશવજી મોતા, મુલુંડ**


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સકલુઝીવ ડ્રેસ માટે
Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229



**કેરાલાની મુલાકાત લો - હોલીડે પ્લાનર્સ**
**દેશ અને વિદેશની ટુરોના ઓપરેટર**
એ.બી. સાલેમ રોડ, જ્યુ ટાઉન, કોચીન-૬૮૨ ૦૦૨.
**MOB: 07736025429, 08129945429**
Email: info@holidayplannersonline.com
**૨૦૧૬ના દિવાળી વેકેશન માટે અત્યારસુધી બુકીંગ કરાવો**
**અથીરામપલ્લી (ધોધ અને ઝુલતો પુલ) • કોચીન**
**• મુન્નાર • ઠેકડી • કુમારકોમ • અલ્પપાઈ હાઉસબોટ**
**• કોવાલમ • કન્યાકુમારી**
જીવનભર યાદ રહે તેવા સંસ્મરણો ઘરે લઈ જાવ

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

**KDO G.V.C. JAIN SANGH**

C/o. Gunodayasuridham, A/42, Anant Chhaya, 353/3, R. B. Mehta Marg, Ghatkopar (East), Mumbai - 400 077.

સુજ્ઞ મહાશય, જય જિનેન્દ્ર !

શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘની ૧૧મી વાર્ષિક સામાન્ય સભા (**A.G.M.**) રવિવાર, તા. ૨૨-૦૫-૨૦૧૬ના ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા (**AC**) બેંકવેટ હોલમાં સવારના ૯.૦૦ ક. આયોજન કરેલ હતું. સૌ પ્રથમ ૩ નવકારનું સ્મરણ કર્યું પછી ભગવાનની છબી તથા શેઠશ્રી નરશીનાથાની છબી ને હાર પહેરાવીને સભાની શરૂઆત કરેલ.



નવકારનું સ્મરણ કરાવતા શ્રીમતી કલ્પનાબેન મહેશ્વરી



ભગવાનની છબી તથા જ્ઞાતિ શીરોમણી શેઠશ્રી નરશીનાથા



પ્રેક્ષકગણ નવકારનું પઠન કરતા શ્રોતાઓ



શ્રી શૈલેશભાઈ સભા સંબોધતા

શ્રી સંઘના સેક્રેટરી શ્રી શૈલેષભાઈ મૈશેરીએ ૧૦મી વાર્ષીક સામાન્ય સભાનું વાંચન કર્યું અને વર્ષ દરમ્યિાન શ્રી સંઘ દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમો શ્રી પર્યુષણ મહાપર્વની ઉજવણી - લોકલ ચૈત્યપરિપાર્ટી - પીકનીક - શ્રી અચલગચ્છાધિપતી તપસ્વીરત્ન આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના જન્મદિવસની ચૈત્યપરિપાટી - શ્રી સંઘને ૧૦ વર્ષ પૂર્ણ તથા શ્રી નાગેશ્વર તિર્થની યાત્રા, જીવીસી સ્પોર્ટસ, જીવીસી ફન ફેર, જીવીસી દાંડીયા અને છેલ્લે સીનીયર સીટીજન માટે **BEST**ની ઓપન બસમાં મુંબઈ દર્શન. આ બધા કાર્યક્રમની ઝાંખી સુંદર રીતે આપેલ.

શ્રી કિરીટભાઈ કુરૂવા દ્વારા શ્રી સંઘના ચોપડાનો હિસાબ વર્ષ ૨૦૧૫-૧૬ની ઝાંખી જેમણે ઓડીટ કરી આપેલ તે **M/s. N. B. Shah & Associates** દ્વારા શ્રી નરેશભાઈ મોમાયાએ ખૂબજ સુંદર રીતે સમજાવી તથા શ્રી સંઘ દ્વારા ૩ દિવસ માટે ઓડીટ થયેલ ખર્ચાની વિગત શ્રી અનંતનાથજી ગૃહ જિનાલયની ઓફીસમાં શ્રી સંઘના સર્વે મેમ્બરોને જોવા માટે રાખવામાં આવેલ હતા. આ ચોપડા ઓડીટ થયેલ અને સભામાં અન્ય કોઈપણ જાતનો વિરોધ ન આવતાં આ હિસાબ સર્વેના મતે પાસ કરવામાં આવ્યા અને શ્રી સંઘ ધ્વારા બહાલી આપવામાં આવી.



મેડીકલ વિશે માહિતી આપતા શ્રી સંજયભાઈ અજાણી



મેડીકલ ટીમ



મેડીકલ ફોર્મ માટે મહેનત કરનાર જીવીસીની ટીમ




મેડીકલ કાર્ડ

પારિવારીક મેડીકલ કાર્ડનું વિમોચન શ્રી સંઘ ધ્વારા કરવામાં આવેલ. જેનો સૌ પ્રથમ વિચાર શ્રી સંઘના સભ્ય શ્રી સંજયભાઈ અજાણીના મનમાં ઉદ્‌ભવ્યો. તેમણે સંઘ સમક્ષ પ્રસ્તાવના રૂપે મુકતાં શ્રી સંઘે સૌ પ્રથમ આપણા સંઘના ફાઉન્ડર તથા સદાય તમ-મન-ધન થી સેવા આપનારા એવા ઉત્સુક ડૉ. કાંન્તીલાલભાઈ નરશી દંડ સાથે ચર્ચા વિચારણ કરતા તેમણે પણ આ અમુલ્ય કાર્યને વધાવી લીધો. અને ત્યારબાદ શ્રી સંઘ દ્વારા ૩૨ સભ્યોની નિમણુંક કરી. આ ૩૨ સભ્યોની અથાગ મહેનત તથા સંઘના કારોબારી સમિતિના સર્વે સભ્યોનો સાથ-સહકાર થી આ યોજના આકાર પામી. જેમાં ૩૨ સભ્યોએ પોતાના હિસ્સામાં આવેલ લીસ્ટ મુજબ વ્યક્તિગત રીતે જઈ સર્વે કુટુંબોને માહિતગાર કરી ફોર્મ આપી અને ભરીને ચકાસણી કરીને શ્રી સંઘને સોંપેલ. આ કસોટીપૂર્વક કાર્યને સહેલું બનાવ્યું. આવું ભગીરથ કાર્ય અન્ય કોઈ સેવા સંસ્થાઓ તથા ટ્રસ્ટ દ્વારા થયું નથી તેથી આ યોજના લોકો માટે દિશાસૂચનનું કાર્ય કરશે. આ યોજનામાં હોસ્પીટલો, ડૉકટરો, મેડીકલ સ્ટોર્સ, બ્લડ બેંક, એમબ્યુલન્સ માટેની સર્વે માહિતી અને ડૉકટર પાસેથી માતબર ડિસ્કાઉન્ટની જોગવાઈ કરેલ છે તથા અન્ય સર્વ મેડીકલો ટ્રીટમેન્ટો માટેની સર્વે માહિતી શ્રી સંજયભાઈએ ખુબજ સરસ રીતે સમજાવી.



ડૉ. ઉવી મહેશ્વરી



ડૉ. નરેન્દ્ર દેઢિયા



ડૉ. મમતા મહેતા



ડૉ. ઋષિકેશ નાયક



ડૉ.          નાયક



ડૉ. વૈધ

આ સર્વે પ્રક્રિયામાં આમંત્રિત ડૉકટરોમાંથી સૌથી મોટો અને અમુલ્ય ફાળો ડૉ. ત્રિષિકેશ નાયકનો છે. તેમના થકી આ યોજના સહેલી અને સફળ થઈ છે અને તેમણે આ યોજના આપણા અન્ય જ્ઞાતિજનો માટે પણ કરવાની તૈયારી દાખવી છે તથા અન્ય ડૉ. પણ આ યોજનામાં અમુલ્ય ફાળો છે. બધા ડૉ. પણ આપણા સંઘ માટે કહ્યું કે અમો આપને કોઈપણ કામમાં આવી શકીએ તો અમને આનંદ થશે. શ્રી સંઘ દ્વારા ડૉ. ત્રિષીકેશ નાયકનો બહુમાન કરવામાં આવ્યું તથા અન્ય ડૉ. નું પણ બહુમાન કરવામાં આવ્યું હતું.

જીઓ ગ્રુપ દ્વારા જૈન માટેની મેકડીકલેઈમ પોલીસી માટેની અનેક યોજનાઓ છે. જે આપણને ખબર નથી હોથી. આ સર્વે બાબતોનો વિસ્તાર થી પરિચય શ્રી ઉદયભાઈ મોતાએ આપ્યો અને કહ્યું કે આ બાબતની કોઈપણ માહિતી જોઈતી હોય તો શ્રી ઉદયભાઈ મોતાનો સંપર્ક કરવા વિનંતી.



યુવા પ્રમુખ
શ્રી સમીરભાઈ નાગડા

આપણા શ્રી સંઘના વર્તમાન યુવાન પ્રમુખ હંમેશા બીજાને પરોપકારી રહેવાની ભાવના રાખતાં એવા શ્રી સમીરભાઈ નાગડા એ કહ્યું કે શ્રી સંઘ દ્વારા ધાર્મિક કાર્યક્રમો તો થતાં જ આવ્યા છે અને થશેજ. પરંતુ તેની સાથે હવે વિવિધલક્ષી કાર્યો એટલે કે મેડીકલ - સાધર્મિક - સહાય, શૈક્ષણિક ક્ષેત્ર પણ કાર્ય કરવાના સોપાન છે. જેને ખરા અર્થમાં સંઘ વાસીઓને સહાયરૂપ થાય તેવા કાર્ય કરવાની યોજનાઓ છે. તે સાકાર કરશું અને અંતમાં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ તથા અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને સર્વે સંઘવાશીઓનો આભાર માન્યો હતો.

## શ્રી સંઘના આગામી કાર્યક્રમો

૧) શ્રી અનંતનાથજી ગૃહ જિનાલય ઘાટકોપરને ૨૫ વર્ષ પૂર્ણ થતા રજત જ્યંતિ વર્ષની ઉજવણી રૂપે તા. ૨૯-૦૫-૨૦૧૬ના ૧૮ અભિષેકનું અનુષ્ઠાન રાખવામાં આવેલ હતું.

૨) તા. ૦૩-૦૭-૨૦૧૬ના શ્રી કચ્છ યુવક સંઘની સંગાથે **NAVNEET RAIN - A - THON**નું કાર્યક્રમ કચ્છી સમાજમાં શારિરીક સ્વાસ્થ પ્રત્યે જાગૃતતા ફેલાવવાના અભિયાનની શરૂઆતનું કાર્યક્રમ.

૩) ઓગસ્ટ મહિનામાં ઝવેરબેન પોપટલાલ સભાગૃહમાં શ્રી જીવીસી સંઘના કાર્યકર્તાઓ દ્વારા નાટક.

૪) **તા. ૩૦-૦૮-૨૦૧૬ થી તા. ૦૭-૦૯-૨૦૧૬ સુધી શ્રી પર્યુષણ મહાપર્વની ઉજવણી ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા એસી બેંકવેટ હોલમાં પ.પૂ.સા.મ.સા. શ્રી અભયગુણાશ્રીજી મ.સા.ના સાંગાણામાંથી પર્યુષણ પર્વની આરાધના કરવા પધારશે.**

૫) તા. ૧૪-૦૯-૨૦૧૬ થી તા. ૧૬-૦૯-૨૦૧૬ના પાલીતાણા મધ્યે ૫૦મા વર્ષીતપના આરાધક અચલગચ્છાધિપતી તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગસૂરીશ્વરજી મ.સા.ના ૮૫મા જન્મદિવસની ચૈત્યપશ્રિપાટી.

૬) તા. ૨૫-૦૯-૨૦૧૬ ને રવિવારના સાધુ ભગવંતોને જુહારવા મુંબઈની લોકલ ચૈત્યપરિપાટી.

૭) **તા. ૧૧-૧૧-૨૦૧૬ થી તા. ૧૪-૧૧-૨૦૧૬ સુધી શ્રી મોહનખેડા તીર્થની યાત્રા**

૮) ડિસેમ્બર મહિનામાં એક દિવસની પીકનીક.

છેલ્લે શ્રી કિરીટભાઈ કુરૂવા શ્રી સંઘ વતી સર્વે આવેલ પધારેલ મહાનુભાવોનું આભાર માન્યો તથા જીવીસી સંઘના સર્વે પધારેલ સભ્યોનું પણ આભાર માની અને શ્રી પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય કોઈ બાબત ન રહેતા સભા પૂર્ણ કરવામાં આવી.

**લી. શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘના જયજિનેન્દ્ર !!!**

UPASANA-9820167767



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

**પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઈચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.**

શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.

### સામાયિક

**પ્રશ્ન – સામાયિક રોજ કરવું જરૂરી છે ?**

**ઉત્તર –** સાયાયિક શ્રાવક જીવનના બાર વ્રતોમાં નવમું વ્રત છે. આ વ્રત અતિ મહત્ત્વપૂર્ણ વ્રત છે. સામાયિકમાં શ્રાવક સાધુ જેવો કહેવાય છે. જે જીવો યાવત્ જીવન સાધુ ન બની શકે એવા શ્રાવકો સામાયિક દ્વારા સાધુ જીવનનો સ્વાદ માણે છે. સમતા ભાવમાં રમણતાએ સામાયિકના પ્રાણ છે.

**પ્રશ્ન – શું સામાયિક લેવા વિધિ કરવી જરૂરી છે ?**

**ઉત્તર –** વિધિ શું છે ? પ્રત્યેક આરાધનાની વિધિ એ આરાધનાના ભાવમાં રમણતા માટેની પૂર્વ તૈયારી છે. લાપસી બનાવવી હોય તો એ યોગ્ય સામગ્રી આપણે ભેગી કરવી પડે. એવી જ રીતે સામાયિક કરવું હોય તો સામગ્રી આપણે ભેગી કરવી પડે. એવી જ રીતે સામાયિક કરવું હોય તો બાહ્ય સામગ્રી કટાસણું – મહપત્તી – ચરવલાદિ સાધનો જોઈએ તેમ આત્માને સમતા ભાવમાં લઈ જનાર વિધિ જોઈએ. એ માટે ઈર્યાવહિ પડિક્કમિ.. લોગસ્સના કાયોત્સર્ગ દ્વારા મનને સંસારની બાહ્ય પ્રવૃત્તિમાંથી નિવૃત્ત કરી આત્મલક્ષી પ્રવૃત્તિઓ તરફ લઈ જવા માટેનો પ્રયાસ કરવાનો છે.

આત્માની સમતા અને સમાધિને વધારે મજબૂત કરવા સર્વ પ્રકારની પાપ પ્રવૃત્તિનો સાવધાની પૂર્વક ત્યાગ કરવાનો છે. એ માટે અઢાર પાપસ્થાનક આલોવવાના છે. અડતાલિસ મિનિટ માટે સાધુ યોગ્ય નિરવદ્ય ક્રિયામાં પ્રવૃત્ત થવા છ કાયના જીવોને અભયદાન આપવાનું છે.

**।। શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ ।।**

## શ્રી નલિયાવાસી ડોંબીવલી મિત્ર મંડળ

બી-૧૦૧, ત્રિભુવન સોસાયટી, આનંદ નગર, દિન દયાલ રોડ, ડોંબીવલી – ૪૨૧ ૨૦૨.

**અનુમોદના અનુમોદના અનુમોદના**

**શ્રી નલિયાવાસી ડોંબીવલી મિત્ર મંડળ દ્વારા મુંબઈ, થાણા, જીલ્લામાં વસતા નલિયા ગામના વિદ્યાર્થીઓને ૨ ડઝન A4 સાઈઝ બુકનું ફ્રી વિતરણ કરવામાં આવેલ જેમાં ૭૫ થી વધુ વિદ્યાર્થીઓ એ લાભ લીધેલ.**

**આ યોજના માટે નીચેના દાતાશ્રીઓ એ અનુદાન આપેલ. મંડળ આભાર સાથે અનુમોદના કરે છે :**

**(૧) શેઠ શ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ**
**(૨) શ્રી મોતીચંદ લાલજી ખોના** – મુલુંડ
**(૩) નમન મનીષ ખોના** – મઝગાવ
**(૪) માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ નાગડા** – ઘાટકોપર

લી. **શ્રી નલિયાવાસી ડોંબીવલી મિત્ર મંડળ વતી**

**વિરેન્દ્ર લોડાયા / ચેતન નાગડા**

**તા.ક.:** તા. ૦૭-૦૮-૨૦૧૬ રવિવાર ના ક્રિસ્ટલ હોલ, ટીપટોપ પ્લાઝા – થાણા (વેસ્ટ)માં નલિયા તીર્થના શ્રી ચંદ્રપ્રભ સ્વામી દેરાસર ને ૧૭૫ વર્ષ પુરા થયા ની ઉજવણી ના પંચાન્હિકા મહોત્સવના ચડાવા માટે નલિયા મહાજન તથા નરશી નાથા ટ્રસ્ટ દ્વારા પ્રોગ્રામ રાખવામાં આવેલ છે.

**સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનો સહ કુટુંબ પધારશોજી.**

અંતે દ્રવ્ય ક્ષેત્ર-કાળ અને ભાવ દ્વારા સર્વ પ્રકારના બાહ્ય અભ્યંતર પરિગ્રહનો ત્યાગ અથવા મર્યાદા કરવાની છે.

જો આ સંપૂર્ણ વિધિ જાણકારી પૂર્વક કરવામાં આવે તો વિના પ્રયાસે સહજતાથી સમતાભાવની પ્રાપ્તિ થાય છે. આવી અપૂર્વ વિધિ પ્રત્યે કંટાળો ન હોવો જોઈએ... એમાં Short-cut ન વિચારવો જોઇએ પરંતુ સસન્માન એ વિધિ જાળવવી જોઈએ. સુયોગ્ય વિધિ પૂર્વક કરાતી ક્રિયા સંપૂર્ણ ફળ આપનારી છે. Short-cut ક્રિયા નિષ્ફળતા અપાવનારી છે. એ માટે વિધિ પૂર્વક સામાયિક લઈને-સમય થતાં વિધિ પૂર્વક સામાયિક પાળવાની ક્રિયા કરવાની છે.

**પ્રશ્ન - જો સામાયિક લેવા પારવાનો વિધિ ન આવડતી હોય તો સામાયિક ન થઈ શકે ?**

**ઉત્તર -** સામાયિક લેવા - પારવાની વિધિ જેને ન આવડતી હોય એને ત્રણ નવકાર ગણી સામાયિકમાં બેસવાનું... સામાયિકના નિયમ પાળવાના અને બે ઘડી (૪૮ મિનિટ) પછી ત્રણ નવકાર ગણી ઉઠવાનું એવો વ્યવહાર ચાલે છે. પરંતુ આવા આરાધકનું પ્રથમ લક્ષ્ય સામાયિક લેવા - પારવાના પાઠને શિખવાનું, એને યાદ કરવાનું તથા ત્વરીત વિધિ પૂર્વક સામાયિક કરી આત્મ કલ્યાણ સાધવાનું હોવું જોઈએ. જ્યાં સુધી વિધિ ન આવે ત્યાં સુધી અપવાદ માર્ગનું સેવન કરાય પરંતુ વિધિ શીખીને પરમાત્માની આજ્ઞાના પાલનને ચૂકવાનું કે ભુલવાનું નથી.

**પ્રશ્ન - એક સાથે કેટલા સામાયિક થઈ શકે ?**

**ઉત્તર -** સામાન્ય નિયમ પ્રમાણે એક સાથે એક જ સામાયિક થઈ શકે કારણ આપણા મનની સ્થિરતા એક આરાધનામાં વધુમાં વધુ અડતાલિસ મિનિટ જ ટકી શકે છે. એ માટે જ સામાયિકની મર્યાદા એટલીજ છે. વધારે સમયની અનુકુળતા અને મનની સ્થિરતા હોય તો ત્રણ કે તેથી વધુ દસ સુધી સામાયિક ભેગા થઈ શકે જેણે દેસાવ ગાસિક કહેવાય છે. દેસાવગાસિક સામાયિક લેવાની વિધિમાં થોડો ફરક છે. તથા એમાં પ્રથમ દેસાવગાસિક અને પછી સામાયિકનું પચ્ચકખાણ એમ લે પચ્ચકખાણ લેવાના હોય છે. જે ગુરુગમથી જાણી લેવું.

**પ્રશ્ન - જો બે સામાયિક સાથે કરવા હોય તો કેવી રીતે થઈ શકે?**

**ઉત્તર -** બે સામાયિક સાથે થઈ શકે એવો કોઈ વિધિ નથી. એક સામાયિક પૂર્ણ થયા પછી એને પાર્યા વગર (સામાયિક પારવાની વિધિ કર્યા વિના) બીજું સામાયિક કરવા સામાયિક લેવાની સંપૂર્ણ વિધિ કરીને ફરીથી 'કરેમિ ભંતે!...'નું પચ્ચકખાણ કરવું આવશ્યક છે.

## બાંડીયા પધારો બાંડીયા

જય શ્રી વિમલનાથ દાદાના દ્વારે બાંડીયા નગરે પર્યુષણ પર્વ ઉજવવા ગામના જ્ઞાતિજનો તથા નિયાણી ધી જમાઈ સહ પરિવાર જરૂરથી પધારશોજી.

**શ્રાવણ વદ ૧૩ તા. ૩૦-૮-૨૦૧૬ થી**
**ભાદરવા સુદ સાતમ તા. ૮-૯-૨૦૧૬ના**

વ્યવસ્થા સાચવતા માટે આગળ થી ફોન દ્વારા જાણ કરવા વિનંતી. ભારતમાં જ્યાં પણ રહેતા ગામના જ્ઞાતિજનો જાવા આવાની ભુજ સુધીની સ્લીપર ક્લાસ SL રેલ્વે ટીકીટ તમે તમારા હિસાબે કઢાવી પુરા પર્વમાં બાંડીયા રોકાશો તો ટિકીટના પૈસા આપને પાછા આપવામાં આવશે.

**ટિકિટના દાતાશ્રી**

**માતુશ્રી વિજયાબાઈ રતિલાલ આણંદજી લોડાયા પરિવાર**
બાંડીયા - નાશિક

**મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રી રાજેન્દ્ર કુંવરજી લાલકા અને સર્વે ટ્રસ્ટીશ્રીઓ**
સંપર્ક : **94274 33348 / 98799 75748**


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


## જીજ્ઞેશ નવીનચંદ્ર મોતાને પ્રતિષ્ઠિત સન્માન



હૈદ્રાબાદમાં વકીલ શ્રી જીજ્ઞેશ નવીનચંદ્ર મોતા (લાખણીયા)એ નીડરપણે ગૌરક્ષા કાર્યો અને સામાજિક, રાજનિતિક, ધાર્મિક આદી ક્ષેત્રે સેવાઓ બદલ ભારતીય સાંસ્કૃતિક નિર્માણ પરિષદ હૈદ્રાબાદ દ્વારા આ વર્ષના ''ભગવાન મહાવીર જૈન સમાજ શિરોમણી સન્માન ૨૦૧૬'' થી સન્માન કરવામાં આવ્યા છે.

# વહીવંચા અને આપણો ઈતિહાસ

**રમેશ મુલજી લોડાયા** (ભરૂડિયા-મુલુંડ) મો. 098203 36767

## વહીવંચા અને આપણો ઈતિહાસ

મૈશેરી ગોત્રે આપણી જ્ઞાતિને અનેક રત્નોની ભેટ આપી છે. શ્રી વીરજી ગંગાજર મૈશેરી (સ્વતત્રંતા સેનાની) મૈશેરી ગોત્રના જ્ઞાતિરત્નો શ્રી બી. એન. મહેશ્વરી (ભવાનજી નથુભાઈ મહેશ્વરી) જેમના નામનો મહેશ્વરી ઉદ્યાન માટુંગામાં છે જેઓ મુંબઈ માંડવી, કોંગ્રેસના સેક્રેટરી, પત્રકાર રાજકારણી, અને સ્વતંત્રતા સેનાની હતા.

જ્ઞાતિનાં પ્રથમ ડોક્ટર શ્રી પુનશી હીરજી સારંગ મૈશેરી (સાંયરા) હતા. સને ૧૯૦૦માં મુંબઈ પાઠશાળા તથા સને ૧૯૦૫માં મુંબઈ બોર્ડિંગની સ્થાપનામાં અગ્રભાગ લીધેલ તથા સેક્રેટરી અને પ્રમુખ તરીકે સેવા આપેલ. સને ૧૯૧૩થી સતત એકધારા ૩૦ વરસ સુધી માડંવી વોર્ડ મ્યુનિસીપલ કાર્પોરેશનમાં ચુંટાતા રહ્યા. ભાટિયા હોસ્પિટલ અને નાયર હોસ્પિટલના કમિટી સભ્ય, અનંતનાથ દેરાસર ટ્રસ્ટનાં ટ્રસ્ટી, મુંબઈ મહાજનનાં પ્રમુખ તરીકે સેવા આપેલ. ૧૯૩૨ના હુલ્લડ વખતે જાનના જોખમે સેવા આપેલ. એમની પુત્રી રતનબાઈ જ્ઞાતિનાં પ્રથમ મહિલા ડૉક્ટર આમ જ્ઞાતિના પ્રથમ પુરુષ અને મહિલા ડૉક્ટર થવાનું માન મૈશેરી ગોત્રને જાય છે.

'ચંદ'ના નામથી પરિચિત શીઘ્ર કવિશ્રી વીરચંદ માણેકજી મૈશેરી પરજાઉનાં વતની હતા. આજે પણ મહાકાલી માતાની ભાવનામાં કવિના ગીતોનું અનેરું સ્થાન છે.

બાંઢીયાના શરદચંદ્ર મહેશ્વરી (બી.એન. મહેશ્વરીના સુપુત્ર) બોમ્બે અપરટાઉન રોટરી કલબનાં સ્થાપક, વડાલા ખાતે રક્તપિત હોસ્પિટલ એડોપ કરનાર, માટુંગા, ગુજરાતી સેવા મંડળના, પ્રમુખ ઓનરરી મેટ્રોપૉલીટન મેજીસ્ટ્રેટ તરીકે ૨૫ વરસથી વધુ સેવા આપનાર, સને ૧૯૫૮માં જે.પી.નો ઈલ્કાબ મેળવનાર, માટુંગા વિભાગના કૉંગ્રેસના અગ્ર કાર્યકર રહ્યા.

'પ્રકાશ' જ્ઞાતિ માસિકના પાયાના સ્થાપક શ્રી વેલજી આણંદજી મૈશેરી સાંધાણના હતા તેમણે અનંતનાથ દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટી અને મુંબઈ મહાજનના ઉપપ્રમુખ તરીકે સેવા આપી.

વેલજી કાનજી ભારમલ મહેશ્વરી કુઆપધરનાં આઝાદીના લડવૈયા હતા.

જ્ઞાતિનાં પ્રથમ M.B.B.S. ડૉક્ટર તરીકે ડૉ. ધનલક્ષ્મીબેન વેરસી માડણ મૈશેરી હતા. મેડીકલ જ્ઞાતિની અનેક સંસ્થાઓમાં, અનંતનાથ દેરાસર ટ્રસ્ટ, મુંબઈ મહાજનમાં ટ્રસ્ટ/પ્રમુખ તરીકેની અનન્ય સેવાઓ આપી છે. એમનાં સંતાનો ડૉ. ઈલાબહેન મૈશેરી, ડૉ. કિરીટ મૈશેરીનું પણ યોગદાન છે.

માણેકજી પરબત ભારમલ મૈશેરી જખૌના શેગાંવવાળાની છાપ કપાસના શાહ સોદાગર તરીકેની હતી. એમ.પી. સરકારે તેમને કપાસના સલાહકાર નીમેલ. વિદર્ભ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ કોટન મરચંટ એસો.ના મેમ્બર, શેગાંવ સુધરાઈના સભ્ય તથા અનેક સંસ્થાઓમાં સેવા આપેલ.

સાંધાણનાં પરબત લધા ખીંયસી મૈશેરી જેમણે સં. ૧૯૩૨માં બંધુ સાથે મળી સાંધાણથી કેશરીયાજીનો સંઘ કાઢેલ. સં. ૧૯૩૪માં પરબત લધા તથા બંધુ ગોવિંદજી લધા મૈશેરી નવટુંકમાં પદમપ્રભુજીનું જિનાલય બંધાવ્યું.

સાંયરાના લખમસી હીરજી મૈશેરી જેમણે મુંબઈની મ્યુનીસીપાલિટીની બત્તી હેઠળ મોડી રાત સુધી અભ્યાસ કરી બી.એ. અને એલ.એલ.બી.ની ડિગ્રી મેળવી વકીલ થયા. મ્યુનિસિપાલિટીમાં કોર્પોરટર, જે.પી., મુંબઈ પાઠશાળા અને બોર્ડિંગની સ્થાપનામાં અગ્રસર અને ૨૦-૨૦ વરસ આ સંસ્થામાં સેવા આપી. સ્મોલ કોઝીઝ કોર્ટના ન્યાયાધીશ સને ૧૯૨૪માં નિમાયા. મુંબઈ મહાજનના ઉપપ્રમુખ/પ્રમુખ અને અનંતનાથ દેરાસરના ટ્રસ્ટી તરીકે સેવા આપી.

સને ૧૯૪૨ના લડતમાં જ્ઞાતિના ક્રાંતિવીરનું બિરૂદ ધરાવનાર શ્રી પદમસી માણેકજી મૈશેરી (જખૌ) હતા. કોમી હુલ્લડ વખતે જાનની પરવા કર્યા વગર સ્વયંસેવક તરીકેની સેવા, દારૂના પીઠા ઉપર પીકેટીંગ. જ્યારે માંડવીનાં

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

વ્યાપારીઓ અર્થ ઉપાર્જનમાં મોખરે વ્યસ્ત હતા ત્યારે પદમસીભાઈ 'હિંદ છોડોના નારા' લગાડતા હતા. દરરોજ સાંજે રાષ્ટ્રભરમાં થયેલ આંદોલનની માહિતી એકત્ર કરી સાયક્લોસ્ટાઈલ મશીન દ્વારા બુલેટિન બહાર પાડતા અને સાયકલ સવારીથી ઠેર ઠેર પહાંચાડતા. રાત્રિનાં કેમીકલ્સના મિશ્રણ દ્વારા ટાઈમ બોમ્બ બનાવતા અને લોકોનું ધ્યાન આંદોલન તરફ ખેંચવા અને આંદોલન સફળ બનાવવા બોમ્બ ધડાકાઓ કરતા. એક વખત બોમ્બ પેકીંગ કરતી વખતે અકસ્માતે ધડાકો થયો, પોલીસ આવી પહોંચી પરંતુ પોતે ધવાયા હોવા છતાં છાતી, હાથ, મોઢું દાઝી ગયા હતા. ચામડી બળી ગઈ હતી અને દૃષ્ટિ ગુમાવવી પડી પણ કાર્ય પુરુ કરીને જ જંપ્યા.

રાપરગઢવારીના પાર્શ્વનાથ જિનબિંબની પ્રતિષ્ઠા તથા નવિન શિખરબધ્ધ દેરાસર સં. ૧૯૫૦ના મૈશેરી ગોત્રના ચાંપસી હીરજીએ કરાવેલ છે. આ જિનાલયમાં શ્રી ટોકરસી મૈશેરીએ નેમનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરાવેલ છે.

મૈશેરી પરિવારના સ્ત્રી રત્નો શ્રીમતી રતનબેન બી.એન. મહેશ્વરી, શ્રીમતી રતનબેન વીરજી ગંગાજર મૈશેરીએ કન્યા કેળવણી, સ્ત્રી સમાજનાં ઉત્થાન માટે ઘણા કાર્યો કર્યા..

આવા તો નામી અનામી મૈશેરી ગોત્રનાં અનેક રત્નો છે જેમાનાં બધાના નામોનો ઉલ્લેખ કદાચ નહીં થયો હોય. સૌ ને સો સૌ સલામ.

આધ્યાત્મિક જગતમાં પણ મૈશેરી ગોત્ર અનેરું યોગદાન આપવામાં પાછળ રહ્યું નથી. સા.શ્રી સંયમગુણાશ્રીજી (કુ.સરલાબેન દામજી ખીંયસી મૈશેરી-લાલા), સા. શ્રી મહાયશાશ્રીજી (મીઠીબાઈ જેઠાલાલ કુંવરજી મૈશેરી સુથરી-નાની સિંધોડી), સા.શ્રી વિનયપ્રભાશ્રીજી (કુ. મુરબાઈ પુનશી ધારસી મૈશેરી - જખૌ), સા.શ્રી નિર્મળાશ્રીજી મ.સા. (વેલબાઈ કેશવજી મૈશેરી-વારાપધર), સા.શ્રી જિનગુણાશ્રીજી (હ. જયશ્રી જીવરાજ પાંયારીયા મૈશેરી (જખૌ) વિગેરે ધર્મિક જગતનાં સિતારા.

કચ્છ નલીયાના સેવાભાવી શ્રીમતી મણીબાઈ કાંતીલાલ કલ્યાણજી મૈશેરીએ પોતાનું એકમાત્ર રહેઠાણ વેંચી તમામ રકમ જીવન સંધ્યામાં (ગદગ) અર્પણ કરી છે. સંયુક્ત કુટુંબથી વિમુખ થતો આપણો સમાજનાં વડિલો સન્માન સાથે જીવી શકે તે માટે જીવન સંધ્યા ગદગની સ્થાપના થયેલ છે.

જખૌ રત્નટુંકમાં આદિનાથ જિનાલયમાં વિરાજમાન આદિનાથ પ્રભુના બિંબ ભરાવનાર તથા સં. ૧૯૨૭ના રત્નટુંકમાં પ્રતિષ્ઠા કરાવનાર માંકબાઈમા જેમણે એમના પતિશ્રી ભોજરાજ દેવસી પુનશી મૈશેરીના નામે જિનબિંબ ભરાવી પ્રતિષ્ઠા કરાવેલ છે.




**સમસ્ત જૈન ફિરકાઓ માટે લગ્નોત્સુક યુવક/યુવતી પરિચય મિલન**

(Engg., CA, Dr., MBA અથવા પોસ્ટ ગ્રેજ્યુએટ જેવું ભણેલાઓ માટે)

**દિવસ : રવિવાર, તા. ૨૧ ઑગસ્ટ ૨૦૧૬**
**સમય : સાંજે ૪.૦૦ થી ૮.૦૦**
**સ્થળ : તારાબાઈ એસી હૉલ, પારસી જીમખાનાની સામે, પેટ્રોલ પંપની બાજુમાં, ફ્લાયઓવરની નીચે, મરીન લાઈન્સ સ્ટેશન (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૦૨.**

**Visit : sagpansetu.com**
વધુ વિગત માટે સંપર્ક :
**રાકેશ જોશી - 07045361287 ફોન : 022-67421287**

## પરસ્પર સંમતિથી છુટાછેડા

વેરાવળ જયંત વિનોદ મોમાયા (જૈન) - સાંયરા ૩૩ તથા પાંચોરા લીના સુભાષ ધરમશી - સુથરી ૩૦ ના **તા. ૭-૨-૨૦૧૬ ના છુટાછેડા થયા છે.**

**યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...**
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
**9323360708/25903514-5-6**
**tanmantravels@yahoo.co.in**
**www.tanmantour&travel.com**

ટુંકમાં ચાતુર્માસ શરૂ થશે. તે નિમિત્તે કચ્છમાં અવર જવર વધશે. ચાતુર્માસ દરમિયાન વતન સાથેનો નાતો સુદઢ કરવા ઉપરાંત વૃક્ષવાવી પર્યાવરણ સુધારીએ.

- ચીમન મોતા *તન-મન પરિવાર*

**શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ**
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

## સ્ત્રી : વાણી સ્વાતંત્ર્ય

તમે માધુરી દીક્ષિતની ફિલ્મ ‘બેટા’ જોઈ જ હશે જ્યારે માધુરી અનિલ કપૂરને મની મા વિશે મંતવ્ય રજૂ કરે છે ત્યારે તમે કેટલું સહન કરવું પડે છે એની વાત છે. એવી જ રીતે આપણા પરિવારોમાં પણ એવાં સરસ્વતીનાં પાત્રો મોજૂદ છે. મુંબઈમાં જુહુમાં રહેતાં એક બેન વહુ, પત્ની અને માતાની ભૂમિકા ભજવી રહ્યા છે.તેઓ કહે છે, ‘તમે જો ઘરમાં વાણીસ્વાંતંત્ર્યનો ઉપયોગ કરો તો તમારે બહુ જ સહન કરવું પડે છે. મારી વાત કરું તો મંતવ્યો પરિવારની સામે લાવવા બદલ મેં બહુ જ સહન કર્યું છે. મારાં લગ્નને પીચસમું વર્ષ ચાલે છે. મારો પરિવાર શરૂઆતથી બહુ જૂની વિચારસરણી ધરાવતો હતો. મારે બધાને શુગરકોટેડ ભાષામાં જ વાત કરવી પડતી હતી. મારી નણંદ, સાસુ કે પતિ બધાને મારી વાત મનાવવા માટે બહુ જ મહેનત કરવી પડતી હતી. પહેલેથી જ મારી વિચારસરણી એકદમ મૉડર્ન હતી. હું એ સમયે જીન્સ પહેરતી હતી જ્યારે મારા બિલ્ડીંગમાં કોઈ જ નહોતું પહેરતું. ત્યારે પણ મારા સ્પષ્ટ વ્યુની ટીકા કરવામાં આવતી હું તેમની આંખોમાં કદાચ ખરાબ બની પણ હોઈશ. ત્યારે તો આપણા સમાજમાં કદ-કાઠીની બાબતમાં જાડી સ્ત્રીઓ વધારે સારી ગણાતી. પરંતુ હું સ્વાસ્થમાં માનતી હતી. મારે એ બધાનું સાંભળવું પડતું હતું. તમે જ્યારે લોકોથી જુદો મત ધરાવતાં હો ત્યારે પરિવારમાં કોઈ તમારો પક્ષ ન લે. એટલે આ બધા ત્રાસમાંથી બચવા માટે હું પોતાને બહુ જ વ્યસ્ત રાખવા લાગી. મેં ટ્યુશન કરાવવાનું શરૂ કર્યું. અ સિવાય કુકિંગ મારું પૅશન છે એટલે હું રસોડામાં પણ વધારે સમય પસાર કરતી જોકે આટલા સમય બાદ આજે મારાં મંતવ્યોનો સ્વીકાર કરવામાં આવી રહ્યો છે.’




વહુ-સાસુની કહાની લગભગ પ્રિડિક્ટેબલ જ હોય છે, પરંતુ જ્યારે દીકરી પેરન્ટ્સ સામે વાણીસ્વાતંત્ર્યનો ઉપયોગ કરે ત્યારે શું થઈ શકે ?

એક સિચુએશન પર નજર કરો...

દીકરી રીમા તેની મમ્મીને : મમ્મી, તું આ ફ્રૂટ લાવી પણ એમાં ડઝનમાંથી અડધો ડઝન તો ખરાબ છે. હવે જ્યારે પેલા ફેરિયા પાસેથી તું લે ત્યારે તેને જાણ કરજે કે અડધા ભાગનાં ફ્રૂટ ખરાબ નીકળ્યાં.

મમ્મીનો જવાબ : એ બિચારો અંદર જોઈને થોડો આપે છે !

રીમા : હા, મમ્મી. પણ તારે તેને જાણ કરવી જરૂરી છે જેથી તે તને ટેકન ફૉર ગ્રાન્ટેડ ન લઈ લે. ફેરિયો એવું માનશે કે આ બહેન કંઈ બોલતાં નથી એટલે તને કંઈ પણ પકડાવી દેશે.

મમ્મી : એવું થોડું કરે ? તુ ક્યાં વકીલાત કરવા લાગી !

રીમા : અરે, મમ્મી, તું વાતને ક્યાંની ક્યાં લઈ જાય છે ?

એટલે આવું થતું હોય છે, જો આના બદલે વહુ હોય તો પરિસ્થિતિ થોડી જુદી હોત. દીકરીની મજાકમસ્તીમાં પોતાની વાણી સ્વતંત્રતાનો ઉપયોગ કરી લે છે અને બહુ જ ઓછું નુકસાન ભોગવવું પડે છે.

મુંબઈમાં જ વિક્રોલીમાં રહેતા એક બહેન હસતાં-હસતાં કહે છે, ‘પેરન્ટ્સની સામે તમારી વાણીસ્વાતંત્ર્યતાનો ઉપયોગ બહુ જ હાનિકારક છે. તેઓ કોઈ બાબતે ગુસ્સામાં હોય અને તમે તેમને સાચી વાત કહો ત્યારે તો તમારું આવી જ બને. સૌથી ક્લાસિક ડાયલૉગ આવે કે તને શું ખબર પડે ? અમે તારા કરતાં વધુ દિવાળીઓ જોઈ છે વગેરે-વગેરે. એટલે આપણે તેમને એ નિર્ણય લેવાનું કહેતા પણ ન હોઈએ, તેમને માત્ર વાઈડ ઍન્ગલથી પૉઈન્ટ ઑફ વ્યુ આપીએ છતાં આપણી વાતને સાંભળવામાં જ ન આવે. થોડા સમય પછી તેમને ભાન થાય કે આપણી વાત એક વાર સાંભળી લેવા જેવી હતી. એટલે આપણને પણ એમ થાય કે બોલવાથી કોઈ ફાયદો નથી. જોકે મારા બોલવાથી લીધે મારા પર ક્યારેય કોઈ પ્રતિબંધ નથી મુકાયો, પરંતુ કેટલીક દીકરીઓ સાથે એવું થતું હોય છે. અમુક વખત દીકરીઓ વધુ બોલે ત્યારે મા-બાપને એમ લાગતું હોય છે કે બહાર વધુ રહેવાને કારણે તે આવું કરે છે. તો ત્યાર બાદ તેમના પર ઘણાબધા પ્રતિબંધ આવી જતા હોય છે.’

એટલે એવું બને કે ઘરમાં કોર્ટ ભરાય અને તમે ગુનેગારના પક્ષમાં ઊભા હો ત્યારે તમને કોઈ સપોર્ટર પણ નહીં મળે, કારણ કે ઘરના જજની સામે જવાની હિંમત તો કોઈ જ ન કરે. ભાઈ-બહેન બધી શૈતાની અને મસ્તીમાં મદદ કરશે, પણ જો ઘરમાં સભા ભરાશે તો તેઓ પણ છટકી જશે. ઘરમાં પેરન્ટ્સ અને

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

બાળકોની વાણીસ્વાતંત્ર્યતા મસ્તીભરી અને હળવી હોય છે. સાસુ-વહુની થોડી ઉગ્ર હોય છે. તો જાણીએ પતિ-પત્નિ વચ્ચે કેવી પરિસ્થિતિ ઊભી થાય છે.

એક પરિણીત બહેન વાણીસ્વાતંત્ર્યને બહુ જ સારું માને છે. તે કહે છે, 'હું મારા પતિને જે પણ હોય એ મોં પર જ કહીં દઉં છું અને તે પણ મારી વાત સાથે સહમત થઈ જતા હોય છે. તેથી અમારી બન્ને વચ્ચે દલીલો કરવાનો કોઈ અવકાશ રહેતો જ નથી. તે પણ મને જે હોય એ કહી દે છે.

વાણીસ્વાતંત્ર્ય બન્ને વચ્ચે પારદર્શકતા રાખવા માટે બહુ જ સારી વસ્તુ છે. આમાં જરા પણ સમય વેડફાતો નથી. આવી રીતે અમે એકબીજા સાથે વધુ સમય વિતાવી શકીએ છીએ. ગંભીર બાબતોને ભૂલીને સરળતાથી આગળ વધી શકીએ છીએ.'

આ બહેનને એક પત્ની તરીકે વાણીસ્વાતંત્ર્યના જે લાભ મળે છે એવા બધાને જ લાભ નથી મળતા. ક્યારેક પત્નીઓને વાણીસ્વાતંત્ર્યના ઉપયોગ બદલ વધારે માનસિક પીડામાંથી પસાર થવું પડતું હોય છે. એવા કિસ્સાઓ પણ છે જેમાં પત્નીને પોતાનો વ્યુ સામે રાખવા બદલ તેના શિક્ષણને અપમાનિત કરવામાં આવે છે.

પરિવારમાં સંબંધો મુજબ બધાનાં વાણીસ્વાતંત્ર્ય અલગ-અલગ હોય છે. સંબંધ શું છે એ જોઈને બોલવામાં થોડું સારું પડે. સાસુની વાતને ખોટી કહેવી કે તેમની સામે સાચું બોલવું એ વહુ માટે મોટું પાપ ગણાય. પરંતુ એ જ બાબત દીકરી બોલે ત્યારે તે તેની માતાને અહેસાસ કરાવી દે કે આની સામે હું ન બોલી હોત તો જ સારું થાત. ઘણી વાર પરિવારમાં એવી પરિસ્થિતિ પણ આવતી હોય છે કે સ્ત્રીને જ એમ થાય કે મારે નહોતું બોલવું જોઈતું પરિસ્થિતિ જેમ ચાલતી હતી એવી રીતે ચાલવા દેવી હતી. આમ જોતાં સ્ત્રીના મનમાં બન્ને બાજુ દલીલો ચાલતી હોય છે.

## સંતાન સાથે વિવાદ નહીં, સંવાદ કરો...

લગ્ન થાય એટલે યુગલ મા-બાપ તો બની જાય એ પૂરતું નથી. આજે પરિવારમાં મમ્મી-પપ્પા અને સંતાન વચ્ચે અંતર વધી રહ્યું છે. મમ્મી-પપ્પા માને છે કે સંતાન અમારું સાંભળતું નથી. આ સામે સંતાન ફરિયાદ કરે કે મૉમ-ડૅડ મને સમજતાં નથી આવી પરિસ્થિતિમાં મા-બાપને સમજતું નથી કે સંતાન સાથે કેવું વર્તન કરવું ? કેવી રીતે વર્તવું ?

વડોદરાનાં કાઉન્સેલર ગીતાબેહન સિકદર જે આ શહેરની નવરચના અને વિદ્યાની સ્કૂલ પ્રિ-પ્રાઈમરીના હેડ છે આ ૧૫ વર્ષથી કાઉન્સેલર તરીકે એ સેવા આપી રહ્યા છે, તેઓ કહે છેઃ

આજના સમયમાં બાળઉછેર ખૂબ નાજુક બાબત છે. સૌપ્રથમ તો સંતાન સાથે શરતથી વ્યવહાર ન કરાય. મમ્મી-પપ્પા પોતાના સંતાન સામે મોટા ભાગે શરત મૂકતાં હોય છેઃ જો તું હોકવર્ક પૂરું કરીશ તો ક્રિકેટ રમવા મોકલીશું. જો તું કાર્ટૂન નહીં જુએ તે મિલ્ક ચૉકલેટ અપાવીશું. સંતાનને લાંચ ન આપો. બીજી એક ખાસ વાત. આજનાં મા-બાપ પોતાની અનુકૂળતાએ સંતાન સાથે સમય વિતાવે છે. એ ન ચાલે. સંતાનની અનુકૂળતા પ્રમાણે મમ્મી-પપ્પાએ એને સમય આપવો પડે. દિવસમાં પંદરથી ત્રીસ મિનિટ માત્ર સંતાન સાથે ગાળો. એ પણ એના સમયે. સાથે એને ખાતરી કરાવો કે તમે હંમેશાં એની સાથે છો. એને ઑફિસેથી ફોન કરીને પૂછો કે દિવસ કેવો રહ્યો ? એને મુન્નાભાઈની જેમ જાદુ કી ઝપ્પી આપો. એને પ્રેમ અને હૂંફની જરૂર છે, જે માત્ર મા-બાપની આપી શકે.

પરિવારમાં દરેકે પોતાની તંદુરસ્તી સારી રાખવી પડે તો જ સંતાનની સારી કાળજી કરી શકાય. થાકેલા અને હારેલા મૉમ-ડૅડ મોટા ભાગે ગુસ્સો જ કરે. પરિણામે સંબંધોમાં તણાવ આવે.

આજે પણ કેટલાક પરિવારમાં પિતા કે માતા એક ઑથોરિટી હોય એવી રીતે વર્તે છે. એ લોકો સંતાનને સ્વતંત્રતા નથી આપતાં. એને જાતે કોઈ નિર્ણય નથી લેવા દેતાં. પરિણામે સંતાન કોઈ નિર્ણય લેવા કાબેલ બનતું નથી. એનું વ્યક્તિતત્વ નકારાત્મક બને છે. એનો અર્થ એ નથી કે એને સ્વચ્છંદી બનાવી દેવાનું. એને એની મર્યાદા પણ બતાવવાની. સંતાન સાથે તંદુરસ્ત ચર્ચા કરવી જરૂરી છે. એની પ્રગતિ વિશે જાણકારી મેળવો. એની સાથે વિવાદ નહીં, સંવાદ કરો. પછી કોઈ ફરિયાદ નહીં રહે.

**- ચિત્રલેખામાંથી સાભાર**



**શ્રી અરિહંત ટ્રેડિંગ**


**બધી પ્રકારની હર્બલ પાવડર તેમજ હર્બલ (જડી બૂટીઓ) ઉચિત ભાવે મળશે.**

ઉપલબ્ધ : અશ્વગંધા, શતાવર, સફેદ મુસલી, કોંચ, હરડે, બહેડા, આમળા, અશોકા, અર્જુના, જાંબુના ઠડીયા વગેરે

**સુવાવડી માટે ઉપયોગ આવવાવાળી બધી હર્બલ (જડી બૂટિઓ) મળશે.**

**નોંધ : બધા પ્રકારની હર્બલ (જડી બૂટિઓ)ની શુદ્ધતાની ગેરેન્ટી**

**Mob.: 08120231671**

email : shriarihanttrading001@gmail.com

સેલ સેલ સેલ

**નારી ફેશન**

ઘાટકોપર

**એક્સક્લુઝીવ ડિઝાઈનર ચણીયા તથા ચોલી, ફેન્સી પાર્ટીવેર સાડી, પીટા, ઉપાડા, ફ્રેન્ચ નોટ, પારસી તેમજ બટકસબની સાડીનો ભરપુર ખજાનો**

**નારી ફેશન**, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.

**રવિવાર બંધ**

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **જીતેન્દ્ર જી. લાલકા** (PS 450) | ૨૦/૩, વંદના, ફ્લેટ નં. ૧, ગ્રાઉન્ડ ફ્લોર, આર. એ. કિડવાઈ રોડ, વડાલા, મુંબઈ-૩૧. |
| **શામજી કે. લોડાયા** (PS 440) | પ્લૉટ નં. ૨૩૪/૫, ઓમ નિવાસ, ૧લે માળે, સ્ટેશન રોડ, વડાલા, મુંબઈ-૩૧. |
| **શ્રીમતી વિજયા ગોશર** (PS 3289) | ૧૯૦૩, ક્રૉસ વિન્ડ, જંગલ મંગલ રોડ, મહાકાલી મંદિરની સામે, સર્વોદય નગર, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮. મો.: ૯૯૮૭૨ ૧૫૧૯૪ |
| **દિનેશ ટી. ધરમશી** (PS 1662) | રૂમ નં. ૧૫, ૩જે માળે, કામાક્ષી બિલ્ડીંગ, દેવીદયાલ રોડ, હરેકૃષ્ણા હૉટેલ સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. |
| **ભવાનજી આર. લોડાયા** (PS 1730) M 9004090368 | ફ્લેટ નં. ૧૨૦૧/૧૨૦૨, ૧૨મે માળે, મેરીગોલ્ડ એક્ઝોટિક, ઑફ પી. ખેરાજ રોડ, સાઈધામ પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: ૭૭૩૮૧ ૪૧૧૯૩ |
| **શ્રીમતી ચંદન પી. પાલાણી (ખોના)** (PS 2362) | ૧૦૨, હોરાઈઝન ફ્લોરા, કસ્તુરબા ક્રૉસ રોડ, ઑફ વી. પી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: ૮૬૮૯૯ ૦૫૪૦૦ |
| **મહેશ એચ. દંડ** (PS 1735) M 7666865495 | ૬૦૧, સુયોગ ગોદાવરી કૃપા બિલ્ડીંગ, ૬ઠે માળે, વી. પી. ક્રૉસ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. ફોનઃ ૨૫૬૧૦૭૩૯, મો.: ૯૭૬૯૨ ૬૦૭૩૯ |
| **નેણશી પી. ખોના** (PS 2081) | બી-૮, રૂપ નિકેતન, ૨જે માળે, સંત તુકારામ રોડ, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૧. મો.: ૯૮૭૦૩ ૪૩૭૨૭ |
| **પ્રશાંત એન. મોતા** (PS 5329) | એચ ૩૦૫, ઈડેન-૨, મહિન્દ્રા રૉયલ, સીટીએસ નં. ૬૦૨૦, પિંપરી-ભોસરી રોડ, તાલુકા હવેલી, પિંપરી, પુણે-૪૧૧ ૦૧૮. મો.: ૯૧૬૦૦ ૦૬૩૪૨ |
| **ચેતન મુલજી છેડા** (PS 31) | બી/૫૦૫, નવ ડોંબીવલી સોસાયટી, રેલ્વે સ્ટેશનની સામે, પુજા મધુબન ટૉકીઝ લેન, રામ નગર, ડોંબીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: ૯૮૧૯૮ ૪૧૭૭૦ |
| **વિજય જે. ધરમશી** (PS 3570) | ૧૩, પરમાનંદ કો.હા.સો., જયહિંદ કોલોની, ઘનશ્યામ ગુપ્તે રોડ, ડોંબીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો.: ૯૮૨૦૬ ૪૧૬૭૮ |
| **યોગેશ બી. નાગડા** (PS 3762) | ઈ-૦૧, ત્રિભુવન સોસાયટી, દીનદયાલ રોડ, ડીએનએસ બેંકની સામે, આનંદ નગર, ડોંબીવલી (વેસ્ટ)-૪૨૧ ૨૦૨. મો.: ૯૮૩૩૦ ૩૯૦૯૯, ૯૬૧૯૦ ૪૧૦૭૮ |
| **યુરેશ ડી. શાહ (મોતા)** (PS 7262) | માનસિંઘકા નગર, કૉલોની નં. ૧, પ્લૉટ નં. ૨૨, ભડગાંવ રોડ, પાચોરા - ૪૨૪ ૨૦૧. મો.: ૯૨૭૦૭ ૧૯૨૯૩ / ૯૧૫૬૧ ૧૨૨૮૮ |
| **અમિત કે. લોડાયા** (PS 6907) | મહાવીર ચોક, પુંડલિક વાડી, નારાયણ એપાર્ટમેન્ટ્સ, બ્લૉક નં. ૧૦૩, વઝીરાબાદ, નાંદેડ - ૪૩૧ ૬૦૧. મો.: ૮૮૮૮૮ ૫૭૨૩૪ |
| **ગૌતમ એલ. ધરમશી** (PS 5504) 99453 65319 | ૨૦૪, સાલારપુરીયા એરીસ્ટોક્રેસી, નં. ૭૬, ૧૪મો ક્રૉસ, ૩૬ મેઈન રોડ, જે. પી. નગર, ૧લો ફેસ, સિંદૂર કન્વેન્શન હૉલ પાસે, બેંગલોર-૫૬૦ ૦૭૮. |
| **જયંતીલાલ એલ. શાહ (લોડાયા)** (PS 7261) | ૯૭૭/૧૪મી સેંટ્રલ ક્રૉસ સ્ટ્રીટ, એમકેબી નગર, ચેન્નાઈ - ૬૦૦ ૦૩૯. મો.: ૯૬૭૭૦ ૧૧૨૪૫ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૪-૧૬ | ભાંડુપ | ટીના, દક્ષા પંકજ રતીલાલ મોતા | કોઠારા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૦૬-૧૬ | ખંડવા | જીતેશ નવીનચંદ્ર મેઘજી નાગડા | લાલા | ૪૨ |
| | રાયચૂર | રૂપલ દામજી મોમાયા | વરાડીયા | ૪૦ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૦૬-૧૬ | - | પૂરવ ખુશાલ વેલજી લોડાયા | તેરા | ૨૭ |
| | - | સિધ્ધી પ્રકાશ ગજાનન હેગડે | હોલનગડે | ૨૭ |

### છૂટાછેડા

| | | | | |
|---|---|---|---|---|
| - | પુણે | અંકિત ધનપતી મોમાયા | વરાડીયા | ૩૪ |
| | બેંગલોર | શિલ્પા શ્રીચંદ છાબરીયા | બેંગલોર | ૩૫ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૦૬-૧૬ | યુએસએ | કસ્તુરીબેન સોમચંદ હંસરાજ ખોના | જખૌ | - |
| ૧૫-૦૬-૧૬ | સાયન | હરીશચંદ્ર કરમશી પોલડીયા | રંગપુર | ૬૬ |
| ૧૬-૦૬-૧૬ | અમદાવાદ | પલ્લવી ધનપાલ લાલજી મોમાયા | સાંયરા | ૪૭ |

## મોદીજીએ પરિતૃપ્તિના ઓડકાર સાથે કહ્યું... 'ધારીણીબેન તમે તો (ભાવતા ભોજન જમાડી) મારું વજન બે કિલો વધારી દીધું' બસ એ ક્ષણ મારા જીવનની ધન્યતાની પળ બની ગઈ !





જ્ઞાતિજનો જય જિનેન્દ્ર,

હું શ્રીમતી ધારીણી સુધીર ખેતશી ખોના (સુજાપર-અમેરિકા) તે ગામ જસાપરના હાલે મુલુંડ વસતા માતુશ્રી સોનબાઈ રાયચંદ ધરમશીની સુપુત્રી મારા જીવનને ધન્ય બનાવતી પળો વિશે આપની સાથે અનુભવ વહેંચતા ભાવવિભોર થઈ જાઉં છું.

અમે ૨૮ વર્ષથી અમેરિકામાં રહીએ છીએ. અહીંના વુડલેંડ રેસ્તોરાંના માલિક આનંદ પુજારી અમારા કુટુંબના સભ્ય જેવા જ છે. તેમણે તેમના રેસ્તરાંમાં મળતા સ્વાદિષ્ટ જમણથી સારી નામના મેળવી છે. છેલ્લા ૧૦ વર્ષથી ભારતથી અમેરિકા આવતા મહાનુભાવોની સરભરા કરવાનું.... તેમને ભાવતાં ભોજન પીરસવાનું કામ આનંદ પુજારીના વુડલેંડ રેસ્તોરાંને મળે છે.

તેમણે જ પોતાના પ્રતિનિધિ તરીકે મોદીજીની સરભરા કરવાનું કામ અમને સોંપ્યું. સ્વાદિષ્ટ ગુજરાતી રસોઈ બનાવવાનું કામ મારું એટલે કે ધારીણીનું... તેને સીક્યુરીટીની (સલામતીની) વિધિમાંથી મંજૂર કરાવવાનું કામ અમારા દીકરા મિહિરનું અને પીરસવાનું કામ મારું અને મારા પતિ સુધીરનું. આખા વિશ્વમાં જેમની વાહવાહ થાય છે તેવા ભારતના વિકાસપુરુષ સમા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરભરા કરવાનું કામ ખરેખર સદભાગ્યે મળતા લહાવા જેવું હતું.

અમે ૬ઠ્ઠી જૂનથી મોદીની ૮મી જુનની બપોરે મેક્સિકો જવા રવાના થયા ત્યાં સુધી તેમના સ્પેશલ ગુજરાતી જમણ, નાસ્તા, સવાર સાંજના ચા-નાસ્તાની વ્યવસ્થા સંભાળી.

અમે આ સદ્‌ભાગ્યને ખોના તથા ધરમશી કુટુંબની સદ્‌ભાવના તથા બન્ને કુટુંબના વડીલોનાઆશીર્વાદનું પુણ્યફળ માનીએ છીએ.

અમને ખુશી છે કે અમે આપણી કે.ડી.ઓ. જ્ઞાતિ ગૌરવ લઈ શકે તેવું કંઈક કરી બતાવ્યું છે.

અમે મોદીજીની આત્મીયતાથી પણ બહુ પ્રભાવિત થયા છીએ. જ્યારે અમે અમારો પરિચય કચ્છના તાલુકા મથક નલીયા પાસેના સુજાપુર અને જસાપુર ગામના મૂળવાસી તરીકે આપ્યો તો એમણે તરત જ કહ્યું હું 'કચ્છ તો અવારનવાર ગયો છું અને નલીયા પણ જઈ આવ્યો છું. દુનિયામાં વિવિધ સ્થળે ફરતા વિદેશમાં આવા ભાવતાં ભોજનનો લહાવો મને પ્રથમ વખત જ મળ્યો. ધારીણીબેન, તમે તો ભાવતાં ભોજન પીરસી થોડા સમયમાં મારું વજન બે કિલો વધારી દીધું !'

મોદીજીની એ વાત સાંભળી હું જેમ ભાવવિભોર થઈ એમ આપ પણ જ્ઞાતિની એક મહિલા અને તેના કુટુંબીઓને સદ્‌ભાગ્યેજ મળે તેવો અનુભવ જાણી ભાવવિભોર થશો !

(ધારીણીબેને મોકલેલા મુદાઓનું સંકલિત વિસ્તરણ)


## સેમ ટુ સેમ મોદીજીના માતાજીના ડુપ્લીકેટ પ.પુ. નવલમાં ને ૯૬ વર્ષે પુરા કરી ૯૭મા વર્ષેમાં પ્રવેશતા ખુબ ખુબ હાર્દિક શુભેચ્છા !



### પ.પુ. માતુશ્રી નવલબેન જીવરાજ આણંદજી લોડાયા

(ગામ : કચ્છ, બાંડીયા : હાલ - નાશિક)

આજે પણ સુઈ મા દોરો એક સૈકન્ડ મા નાખી લે છે

આજ સુધી કોઈ દવાઈ નથી ખાધી

પોતાનું બધુ કામ પોતે કરી લે છે

એમના પોત્રાઓ ના ઘરે છોકરાઓ પડપોત્રાઓ છે



શુભેચ્છક : શ્રી સચ્ચાઈમાં ને નમતા સોદે (લોડાયા) પરિવાર બાંડીયા તથા ભુઈમાં વાસંતી કિરીટ લોડાયા

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# જન્મ સમયે ઓક્સિજનની ખામી સર્જાવાથી દિવ્યાંગ બનેલા હિરલ (તૃપ્તિ કિરમ ભેદાએ દિવ્યાંગો માટેની એસ.એસ.સી. સમકક્ષ પરીક્ષા પાસ કરી







કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિના લોકો પડકારરૂપ સ્થિતિને કંઈક નવું કરી બતાવવાની તક ગણે છે, તેનું એક વધુ ઉદાહરણ પૂરું પાડ્યું છે, જન્મ સમયે ઓક્સિજનની ખામીથી દિવ્યાંગ બનેલા હિરલ, તેની માતા તૃપ્તિ, ભાઈ ભાવિન અને પિતા કિરમ ભેદા (વારાપધર-મુલુંડ)એ...

સામાન્ય રીતે જન્મ સમયે જ્ઞાન તંત્રને પૂરતો પુરવઠો ન મળતા ક્ષતિગ્રસ્ત બનેલા જ્ઞાનતંત્ર સેલીબ્લસ પાલસી બાળકના કુટુંબીજનો તે કુદરતી હાજત વગેરે અંગે થોડો ઘણો સ્વાવલંબી થઈ જાય તેમાં સંતોષ માને છે પણ હિરલના પરિવારે ખાસ કરીને તેની માતા તૃપ્તિબેને તે શક્ય તેટલું સામાન્ય જીવતો થાય તેઓ માટે આકાશ પાતાળ એક કરવાનો સંકલ્પ કર્યો અને વર્ષો સુધી ધીરજ રાખી તે પ્રમાણે જીવી બતાવ્યું... સમગ્ર શક્તિ એમાં લગાડી દીધી. તેનું આજે કંઈક ફળ મળ્યું છે.

હિરલના પરિવારે વાલકેશ્વરના હોમીયોપેથી વિદ્યાબેન મહેતા, સંજયભાઈ અને ફીજીયોથેરાપીસ્ટ ડૉ. રાજુલની મદદથી હિરલના મગજ અને જ્ઞાનતંત્રનો વિકાસ થાય તથા તેના અંગોનું હલનચલન સુધરે તે માટે પ્રયત્નો કર્યા.

સાથે સાથે દિવ્યાંગ બાળકો માટેની શાળાઓ મુલુંડની ડોફોડેલીસ નર્સરી, કોકિલ નર્સરી, ઘાટકોપર શાર્દુલ શ્રીમતી સ્કીલ એન્ડ એબીલીટીઝમાં અભ્યાસ કરાવ્યો.

આવા બાળકો માટે વિવિધ ધોરણો સમકક્ષ પરીક્ષાઓ યોજવામાં આવે છે. A લેવલ ૪થા ધોરણ સમકક્ષ, B લેવલ ૭મા ધોરણ સમકક્ષ, C લેવલ ૯મા ધોરણ સમકક્ષ તો ડી લેવલ ૧૦મા સમકક્ષ ધોરણ સમકક્ષા ગણી શકીએ. સામાન્ય માનસ તો પોતાના બાળકોને માંડ બી લેવલ સુધી લઈ જવામાં જ હારી જાય છે, ત્યારે તૃપ્તિબેન અને પરિવારજનોએ વર્ષોની મહેનત કરી હિરલને એસ.એસ.સી. સમકક્ષ સ્તર પર પહોંચાડ્યો.

મજાની વાત એ છે કે હિરલનો અભ્યાસ... પ્રથમ તૃપ્તિબેન શિક્ષકની સહાયથી એ વાત સમજે તથા હિરલને સમજાવે, એ રીતે ચાલે. પરીક્ષા વક્તે હિરલ બોલે અને ખાસ મંજૂરી મેળવેલ રાઈટર તે લખે એવી રીતે ચાલે છે.

પરીક્ષા આપવા માટેનું સેન્ટર એક શાળાના ઉપલા માળે આવ્યું ત્યાં પ્રથમ કાર અને પછી વીલચેરથી હિરલને લઈ જવા માટે જે જહેમત લેવી પડી તે અલગ વાર્તા છે.

પ્રકાશ સમીક્ષા સમિતિ વતી હિરલને અભિનંદન સાથે સાથે તેના પરિવારજનોને પણ અને ખાસ કરીને તેની માતા તૃપ્તિબેનને ખાસ અભિનંદન.

હિરલની આ પ્રેરક કથા વાંચીને તેના જેવી જ સમસ્યા ધરાવનારા બાળકના પરિચિતોને અવશ્યપણે તેની સારવાર વિશે જાણકારી મેળવવાનું મન થશે. આવા બાળકોના સંબંધીઓ **www.vasaconceptforcredbralpasy.com** પર વધુ માહિતી અને માર્ગદર્શન મેળવી રહેશે. આ વેબસાઈટ જેમની છે તે ફિજીઓથેરાપીસ્ટ ડૉ. રાજુલ વાસા મોટાઓની પણ આવી સમસ્યાઓની પણ સારવાર કરે છે. ધીરૂભાઈ અંબાણીની પણ સફળ સારવાર કરી હતી.

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,